Gyan Amrit
જ્ઞાનામૃત

November 2025 - Issue 11
Retail Price 15/-

કેશોદમાં 'નશામુક્ત ભારત અભિયાન'ના શુભારંભ પ્રસંગે પ્રાંસગિક પ્રવચન કરતાં બ્ર.કુ. રૂપાબેન સાથે અભિયાનના યાત્રીઓ.

ભુજ ખાતે IMAમાં 'પાવર ઓફ વન થોટ' કાર્યક્રમમાં IMAના પ્રમુખ ડૉ. લવભાઈ, મંત્રી ડૉ. આનંદભાઈ, GAIMS કોલેજના ડીન ડૉ. બાલાજી પિલાઈ, ડૉ. મોહિત ગુપ્તા, બ્ર.કુ. રક્ષાબેન.

ચિલોડામાં 'યુવા દિવસે' પધારેલ NSSના રીજયોનલ ડાયરેક્ટર ડૉ. કમલકુમારનું સન્માન કરતાં બ્ર.કુ. તારાબેન, કડી સર્વ વિશ્વ વિદ્યાલયના ધર્મેન્દ્રભાઈ, બ્ર. કુ. રીટાબેન, પ્રો. ડૉ. પ્રભુલાલભાઈ.

સરભાણમાં રાજપૂત સમાજના સંમેલનમાં MLA ભ્રાતા દેવકિશોર સમીજી, ગુજરાત સંગઠનના પ્રમુખ દેવુભા કાઠી, બ્ર.કુ. પ્રિતીબેન, CISF વાગરા કેમ્પના ડાયરેક્ટર ભ્રાતા જયેન્દ્રસિંહ, પ્રવીણસિંહ તથા અન્ય.

મહેમદાવાદમાં 'વરિષ્ઠ નાગરિક દિવસે' પધારેલ હેલ્પ એજ ઈન્ડિયાના આશિષભાઈ, PSI મમતાબેન, સંસ્થાપક સીનીયર સિટીઝન ફોરમ ડૉ. મહેશભાઈ, બ્ર.કુ. તૃપ્તિબેન, બ્ર.કુ. મારૂતિબેન.

વાસદમાં 'મારું ગામ બને મહાન' કાર્યક્રમમાં બ્ર.કુ. ઈ.વી. ગીરીશભાઈ, સરપંચ પુનમભાઈ, ઉપસરપંચ દિપભાઈ, તલાટી કેવલભાઈ, વાસદ દૂધ ડેરીના સભ્ય મનીષભાઈ, બ્ર.કુ. દીપાબેન.

સુરત સરથાણામાં 'જીવન કો મુસ્કુરા દો' કાર્યક્રમમાં બ્ર.કુ. રૂપેશભાઈ, આચાર્ય કૃષિ વિભાગ રમેશભાઈ, GM વરાછા બેંક વિઠ્ઠલભાઈ, શિક્ષણ સ્કીલના ભ્રાતા મહેશભાઈ, બ્ર.કુ. તૃપ્તિબેન, બ્ર.કુ. દક્ષાબેન.

વડોદરા અટલાદરા ખાતે જ્ઞાન યજ્ઞ શાળામાં 'નશા મુક્ત ભારત અભિયાન' નિમિત્તે આયોજીત કાર્યક્રમમાં આચાર્ય ભ્રાતા રણજીતભાઈ વાઘેલા, બ્ર.કુ. પ્રવિણાબેન સાથે અભિયાનના યાત્રીગણ.

Gyan Amrit
જ્ઞાનામૃત

વર્ષ ૧૮ નવેમ્બર - ૨૦૨૫ અંક : ૧૧

પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલયનું મુખપત્ર

અમૃતસૂચિ

- સંગઠનની શક્તિ ....તંત્રી સ્થાનેથી ..04
- રીસ્પેક્ટ તે જ આપી શકે છે ....દાદી પ્રકાશમણિજી ..07
- રોજ મુરલીમાંથી હોમવર્ક ....દાદી હૃદયમોહિનીજી ..08
- જ્યાં સુધી એટેચમેન્ટ છે ત્યાં સુધી ....દાદી જાનકીજી ..09
- સંકલ્પો દ્વારા તન અને મનનો ઉપચાર ....બ્ર.કુ. સૂર્ય ..10
- એક મુસાફીર ....બ્ર.કુ. ઈશ્વરીય મુસાફીર ..11
- હું આત્મા છું અર્થાત્ આત્મામાં વિશ્વાસ ......બ્ર.કુ. જગદીશચંદ્ર ..12
- સંપૂર્ણ અન્ત:વાહક ફરિશ્તા ....બ્ર.કુ. ઉષાબેન ..13
- દાદી રાજયોગિની દાદી સંદેશીજી ....બ્ર.કુ. હેમંત ..14
- કોઈ બદદુઆ આપે તો શું કરશો? ....બ્ર.કુ. શિવાનીબેન ..19
- વ્યર્થનું સુખ ....બ્ર.કુ. વિવેકાનંદ ..20
- સહજ રાજયોગ - 2 ....બ્ર.કુ. જગદીશ ..24
- પ્રસંગ પરિમલ 28
- રાજયોગી વૃજમોહનભાઈનું અવ્યક્ત આરોહણ 30
- આપનાર માત્ર એક જ છે ....બ્ર.કુ. અનુજ ..31
- વર્ષ 2026ની વિશેષ સૂચના ....બ્ર.કુ નંદીની ..32
- છોડીને તો જો ....બ્ર.કુ. જૂનાગઢ ..33
- સંગમયુગ શબ્દાવલી 34

2025ના લવાજમના દર

ભારતમાં

વાર્ષિક લવાજમ	રૂ.	૧૩૦.૦૦
આજીવન સભ્ય	રૂ.	૨,૨૦૦.૦૦
છૂટક નકલ	રૂ.	૧૫.૦૦

વિદેશમાં

એરમેઈલ વાર્ષિક	રૂ.	૧,૬૦૦.૦૦
આજીવન સભ્ય	રૂ.	૧૨,૦૦૦.૦૦

કૃતિઓ મોકલવાનું સરનામું

બ્ર.કુ. ડો. કાલિદાસ પ્રજાપતિ

તંત્રી : જ્ઞાનામૃત

D-202, સાગર રેસીડન્સી, PDPU રોડ,

જાન્વી ફાર્મ સામે, રાયસણ,

ગાંધીનગર - 382007 M. 99798 99104

મુદ્રક અને પ્રકાશક

ભારતી રણછોડદાસ સોમૈયા

-:- વિશેષ નોંધ -:-

જાન્યુઆરી, 2026થી જ્ઞાનામૃતનું નવું વર્ષ શરૂ થશે. જેથી સર્વ નિમિત ટીચર્સ બહેનો, બ્રહ્માકુમાર ભાઈ-બહેનો, પ્રિય વાચકોને મોડામાં મોડા તારીખ 10 ડિસેમ્બર, 2025 પહેલા મેમ્બરશીપ રીન્યુ કરાવી નામ નોંધાવી દેવા વિનંતી. જ્ઞાનામૃત લવાજમ નીચે આપેલ બેંક ખાતાની વિગતોનો ઉપયોગ કરી ઓન-લાઈન, રોકડા, ચેક કે ડી.ડી. થી ભરી શકાશે. Gpay, Phone Pay કે મોબાઈલ નંબર ઉપર જ્ઞાનામૃતનું લવાજમ ભરશો નહીં.

જ્ઞાનામૃતના બેંક ખાતાની વિગતો

પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય

Account No. : **03290100041261** IFSC Code : **BARB0GITAMA**

Bank Name : **BANK OF BARODA, Geeta Mandir Branch**

પ્રકાશન સ્થળ - ગુજરાત ઝોન મુખ્યાલય

બ્રહ્માકુમારીઝ, સુખશાંતિ ભવન, ભુલાભાઈ પાર્ક રોડ, કાંકરિયા, અમદાવાદ - ૩૮૦ ૦૨૨.

Phone: 079 - 2532 4460

Email : gyanamrit.guj@gmail.com

તંત્રી સ્થાનેથી

સંગઠનની શક્તિ

વિશ્વ પરિવર્તન માટે સંગઠનની શક્તિ જોઈએ. જ્યારે સંગઠિત રૂપમાં એક જ વૃત્તિ હશે ત્યારે વૃત્તિ અને વાયબ્રેશન દ્વારા સમગ્ર વિશ્વનું વાયુમંડલ બદલી શકાશે. સર્વ બ્રાહ્મણોનો એક જ વૃત્તિનો સહયોગ જોઈએ. એક જ સંકલ્પનો સહયોગ હોય ત્યારે બેહદ વિશ્વનું પરિવર્તન થશે. જ્યારે સંગઠિત રૂપમાં જૂના સંસ્કાર સ્વભાવ તથા જૂની ચલનના તલ જવ સ્વાહા કરીશું ત્યારે યજ્ઞની સમાપ્તિ થશે. જ્યારે યજ્ઞની સમાપ્તિ થાય છે ત્યારે સર્વ એકઠાં સ્વાહા કરી દે છે. જો એક પણ આહુતિ નાંખવાની રહી જાય તો તે યોગ્ય માનવામાં આવતું નથી. તો હવે સંગઠિત રૂપમાં સ્વાહા કરો.

જો કોઈના કંઈ જૂના સંસ્કાર રહી ગયા હોય અને તે સ્વયં સ્વાહા નથી કરી શકતા તો સંગઠિત રૂપમાં સ્વાહા કરવા માટે સહયોગી બનો. કોઈ જૂના સંસ્કાર સ્વભાવને વશીભૂત થઈને કંઈ કરે છે યા બોલે છે તો સાંભળનારા, જોનારા તે સાંભળે નહીં અને જુએ નહીં. તો એનું તે કાર્ય સમાપ્ત થઈ જશે. જેમ કોઈ ગીત ગાનારા ગાઈ રહ્યા છે, નૃત્ય કરનારા નૃત્ય કરી રહ્યા છે, પણ સાંભળનારા કે જોનારા કોઈ ના હોય તો તે આપોઆપ બંધ થઈ જશે. તો આવો સહયોગ આપો, એને કહેવાય છે સ્વાહા. જ્યારે આવા સહયોગી બનશો ત્યારે જ સંગઠિત રૂપમાં વિશ્વ પરિવર્તન કરી શકશો. દરેક સંકલ્પ સેવા પ્રત્યે સ્વાહા. બોલ પણ વિશ્વ કલ્યાણ પ્રત્યે સ્વાહા, દરેક કર્મ પણ વિશ્વ પરિવર્તન પ્રત્યે સ્વાહા. તો પોતાનાપણું અર્થાત્ જૂનાપણું સ્વાહા થઈ જશે. પોતાના દેહની સ્મૃતિ સહિત સ્વાહા થવાથી એક સેકન્ડમાં વાયબ્રેશન દ્વારા વાયુમંડલને પરિવર્તિત કરી શકશો.

સંગઠન શક્તિ વધારવા માટે

સંગઠનમાં એકબીજા પ્રત્યે સ્નેહ તથા સન્માનની ભાવના હોય. એકે કહ્યું તે બીજાએ માન્યું. એનાથી સર્વના **સહયોગની ભાવના** જળવાઈ રહે છે. સંગઠન શક્તિશાળી બને છે.

સંગઠનમાં સદા બીજાઓને શિખામણ આપ્યા કરવાની નથી, કોઈને દબાવીને પણ રાખવાના નથી. બીજાઓની વિશેષતાઓ જાણીને એમની સેવા લેવાની છે, **સમાનતાનો ભાવ** રાખવાનો છે.

પરસ્પર સામનો કરવાની શક્તિનો ઉપયોગ કરવાનો નથી. તે માયાની સામે વાપરવાની છે. **પરિવારમાં સામનો કરવાની શક્તિથી સંગઠન એકમત થઈ શકતું નથી.** તેથી એકે કહ્યું બીજાએ તેનો સ્વીકાર કર્યો. કોઈ વાત પસંદ ના હોય તો પણ તેને કાપવાની નથી **સત્કાર આપવાનો** છે.

સંગઠનમાં એકબીજાનો સામનો કરવાનો નથી. પરસ્પર વ્યવહાર કરવાની **ભાષા ઘણી જ રોયલ, સન્માનપૂર્ણ** તથા અવ્યક્ત ભાવવાળી રહે, બીજાઓની ટીકાટિપ્પણી કરવાની નથી. કોઈની વાતને કાપવાની નથી.

પરસ્પરની ભાષા **અવ્યક્તભાવ**ની હોવી જોઈએ. કોઈના દ્વારા સાંભળેલી કોઈનીભૂલનો સંકલ્પમાં પણ સ્વીકાર કરવાનો નથી. બીજાઓ પાસે કરાવવાનો નથી. સંગઠનમાં વિશેષ અનુભવની લેણદેણ થવી જોઈએ.

સંગઠનમાં **'પહેલાં આપ'**નો મંત્ર પાકો કરવાનો છે. અર્થાત્ બીજાઓને આગળ ધપાવવા તે આગળ ધપવા બરાબર છે. જેવું કર્મ આપણે

કરીશું તે જોઈને બીજા કરશે. આ સ્લોગન સદા યાદ રાખવાનું છે.

એકબીજામાં **વિશ્વાસ** રાખવાથી સંગઠનની શક્તિ વધે છે, એકબીજામાં વિશ્વાસ રાખીને એમને જવાબદારી સોંપીને આગળ વધતા રહો તો સંગઠન શક્તિશાળી બનશે. સર્વ કાર્ય સહજ રીતે પૂર્ણ થશે.

સંગઠનને જોડવાનો દોરો છે **શ્રધ્ધા.** કોઈએ કંઈ પણ કર્યું સમજો ખોટું જ કર્યું પણ જરૂર એનો કોઈ ભાવાર્થ હશે. એના સંસ્કારોને **રહેમદિલ**ની દૃષ્ટિથી જોતાં એમાં પણ કલ્યાણની ભાવના રાખીને ચાલવાનું છે. વીતેલા સમયના સંસ્કારોની તુલના વર્તમાનમાં કદી પણ કરવાની નથી.

સંગઠનમાં **માન-શાન**ની કામનાનો અંશ ના હોય. સદા બીજાઓને માન આપીને આગળ વધારતા રહો. સ્વયંનું અભિમાન યા બીજાઓનું અપમાન કરવાથી શક્તિ સમાપ્ત થાય છે.

સંગઠનમાં કદી **ડિસ્ટર્બ** થવાનું નથી કે કોઈને ડિસ્ટર્બ કરવાના નથી.

સંગઠનમાં **શ્રીમતનું પાલન** કરવાનો દૃઢ સંકલ્પ હોય, **'માલિક સો બાલક'**નો પાઠ સંગઠનમાં બળ લાવે છે. આ વિધિથી સ્વયંને મોલ્ડ કરી શકો છો. સંગઠનની એકતા માટે જો સહન કરવું પડે યા પરિવર્તન કરવું પડે તો એને મહાનતા સમજીને કરવું જોઈએ.

સંગઠનમાં યોગનું વાતાવરણ હોય. **હોલી હંસ** બનીને જ્ઞાનરૂપી મોતીઓની લેણદેણ કરવાની છે. વ્યર્થ ચિંતન યા વ્યર્થ વર્ણનથી દૂર રહેવાનું છે.

સંગઠનમાં કદી નાની વાતને મોટું સ્વરૂપ આપવાનું નથી. **વિશાળ અને ઉદારદિલ** બનીને સર્વને હળવા બનાવીને, સહયોગ આપીને ઉમંગ ઉત્સાહમાં રાખવાના છે.

એકબીજાની કમજોરીનું વર્ણન પણ નથી કરવાનું કે તેને ધારણ કરવાની નથી. જો કોઈ આપને કોઈની કમજોરી સંભળાવે તો આપ શુભ ભાવનાથી એનો કિનારો કરી દો. વીતેલી વાતને **રહેમદિલ** બનીને **સમાવી લો.**

કોઈપણ આત્માના કમજોર સંસ્કારોને જોવા છતાં તે આત્મા પ્રત્યે અશુભ કે વ્યર્થ બોલવાનું નથી. કમજોર આત્માને પણ સદા ઉમંગ ઉત્સાહની પાંખો આપીને **શક્તિશાળી બનાવવાના છ**ે. કોઈના પ્રત્યે ઘૃણા રાખવાની નથી.

સ્વયં તથા સર્વ પ્રત્યે **દયાભાવ** તથા **કૃપાદૃષ્ટિ** રાખવાની છે. કદી કોઈનો વિરોધ કરવાનો નથી. સહયોગી બનવાનું છે. વિરોધી નહીં. આ વિધિથી વિરોધ કરનારા પણ શાંત થઈ જશે. વિરોધી આત્મા ગળે ભેટશે.

સર્વના **સંસ્કાર અનાદિકાળ**થી ભિન્ન છે. એમ ના વિચારો કે આના સંસ્કાર બદલાય જાય. પણ એના સંસ્કારોનો પ્રભાવ આપણા ઉપર ના પડે એનું ધ્યાન રાખો. આ સ્મૃતિથી નોલેજફૂલ બનીને ટક્કરથી દૂર રહેવાનું છે. કોઈ ભૂલ કરે છે, કોઈ ખોટું કરે છે તો એ સંસ્કારોને પરવશ છે એમ સમજીને રહેમની દૃષ્ટિથી પરિવર્તન કરો. ચર્ચા ના કરો. વાતને વાતાવરણમાં ફેલાવવાની નથી.

સંગઠનમાં સદા **નમ્રતા**નું કવચ પહેરી રાખો. કોઈ ગાળ આપે યા ઈન્સલ્ટ (અપમાન) કરે તો આપ સેન્ટ (સંત) બની જાઓ. કોઈ ટક્કર લે તો આપ સ્નેહનું પાણી આપો જેથી અગ્નિ પેદા ન થાય. રહેમની વૃત્તિથી શુભભાવનાથી એને બદલો.

શબ્દ સંબંધના હોય, ટીકા, નિંદા, ગ્લાનિ, હસવું-મજાકના ન હોય.

પુરુષાર્થમાં રેસ હોય, રીસ ના હોય, ડ્રામામાં

દરેકનો ફિક્સ પાર્ટ છે. એટલે કોઈની સાથે તુલના કરવાની નથી. ભાવનાઓમાં દ્વૈત ભાવને બદલે સદા **શુભભાવ** હોય. સદા **'હાજી'નો પાઠ** પાક્કો હોય. બદલાની ભાવના ના હોય. સ્વયંને બદલવાનું લક્ષ્ય હોય.

ધૈર્યતાનો ગુણ સદા સાથે રાખો. દરેકની પરિસ્થિતિ જોઈને તેની સાથે વ્યવહાર કરો.

દરેકના પ્રત્યે **નિઃસ્વાર્થ સ્નેહ** હોય, અનુમાન તથા સાંભળેલી - સંભળાયેલી વાતોથી સદા દૂર રહીએ. એકબીજા સાથે જ્ઞાન ગોષ્ઠી અવશ્ય કરીએ. રુહાની લેણદેણથી સંગઠનને શક્તિ મળે.

લોકસંગ્રહ માટે જો કોઈ વાત માટે શ્રીમત મળે છે તો એ સમયે પોતાનો અભિપ્રાય ચલાવવાનો નથી. પોતાને **સાચા છીએ તેવું સિધ્ધ કરવાનું નથી.** તમે સાચા હો છતાં પણ શ્રીમત પર ધ્યાન આપવાનું છે. કારણ કે સત્યતા મહાનતા છે. અને જે મહાન છે તે નમે છે. તેથી કદી પણ આમ કેમમાં ના જતાં પૂર્ણવિરામ મૂકી દો અને સ્વયંને બદલી દો. એકે કહ્યું, બીજાએ માન્યું તો અનેકોને સુખ આપવા માટે નિમિત્ત બની જશો.

સંગઠનરૂપી કિલ્લાને મજબૂત બનાવવા માટે એકના માટે બીજું કોઈ બોલે છે તો તે ચૂપ રહે. બીજાઓને બદલવા માટે **સહન કરવું** પડે છે. બ્રહ્માબાપ કેટલી મોટી ઓથોરિટી (સત્તા) હતા છતાં એમણે પણ અપમાન સહન કર્યું. નાના નાના બ્રહ્માવત્સોએ પણ એમને સંભળાવ્યું. અજ્ઞાનીઓએ પણ સંભળાવ્યું. જ્યારે બાપે (બ્રહ્માબાપ) સર્વ કાંઈ સહન કરીને પરિવર્તન કર્યું તો બાપને અનુસરો.

સંગઠનમાં દરેકના અભિપ્રાયને **સન્માન આપવાનું** છે. આ કઈ રીતે બનશે, આ થઈ શકે નહીં. એ રીતે વાતને કાપી નાંખવી એ પણ અપમાન છે. એના બદલે એમ કહો હા ઘણું સારું છે એના ઉપર વિચાર કરીશું એ રીતે એને સન્માન આપો તો તે સહયોગી બની જશે.

જો કોઈ એકતા ખંડિત કરવાનું કામ કરે છે તો **આપ એકતામાં રહો.** બીજાઓને જુઓ નહીં. તમે એકતામાં હશો તો બીજાઓ એની મેળે આવી જશે. દરેક વાતમાં, દરેક સંકલ્પ, બોલ, કર્મમાં સદા એકબીજામાં એકતા દેખાય દે. બ્રાહ્મણ (બ્રહ્માવત્સ) એટલે જ એકતા.

॥ ૐ શાંતિ ॥

બ્ર.કુ. કાલિદાસ

જરા વિચારીને અનુભવ કરો કે,

- **હવે તો જેના માટે આ જીવન મળ્યું છે તેના માટે સર્વ કાંઈ કરવાનું છે. આ સમયનો પોકાર છે. તમને આ જન્મ સ્વયં ભગવાને આપ્યો છે, પોતાના દિવ્ય કાર્ય માટે. તમારો જન્મ સાંસારિક સુખ સુવિધાઓ માટે નથી સમયને ઓળખીને પોતાના જીવનના લક્ષ્યને પૂર્ણ કરો. જે સમયની ગતિને ઓળખે છે તે બુધ્ધિમાન છે. તમે સમયની ગતિ ઓળખશો તો સંસાર તમને ઓળખશે અને તમારા ઉપર ફૂલોની વર્ષા કરશે. જે જીવનની રેસમાં આગળ વધવા ઈચ્છે એણે થોભવું જોઈએ નહીં. જો એક વાર અટકી ગયા તો તમારી ગાડી લેઈટ થાય છે. તમને રોકનારા તો કેટલાયે આવશે પણ તમે આગળ વધતા જ રહેશો તો રોકનારા પોતાની મેળે જ થોભી જશે. યાદ રાખો કે આગળ વધનારાને કોઈ રોકી શકતું નથી. મનુષ્ય પોતાની કમજોરીઓથી જ અટકી જાય છે. આત્મ વિશ્વાસનો અભાવ, પોતાના પુણ્ય કર્મોની કમીથી જ કોઈ આ રેસમાં અટકે છે.**

રીસ્પેક્ટ તે જ આપી શકે છે. જેનામાં શુભ ભાવના હોય

રાજયોગિની દાદી પ્રકાશમણિજી, પૂર્વ મુખ્ય પ્રશાસિકા, શાંતિવન, આબુ રોડ

આપનાર દુર્વાસા નથી. હું શા માટે કહું આ મને તંગ કરે છે, જુઓ એની કેવી ગતિ થશે? હું ખરાબ શા માટે વિચારું? જો મેં અશુભ વિચાર્યું તો મને એનો 100 ગણો દંડ મળશે. કારણ કે હું દુર્વાસા બની. રાજયોગી દુર્વાસા બની શકતા નથી. આપ પોતાની એવી સ્થિતિ રાખો તો કદી ઈન્દ્રિયોની ચંચળતા આવશે જ નહીં. તમે બાબાને મનાઓ તો આપ જ માની જશે. કેટલાક ભાવના રાખે છે સર્વીસની અને કરે છે ડીસસર્વીસ. આપસમાં બનતું નથી તો લડી પડે છે. કહે છે મને માન મળતું નથી તો એને શા માટે મળ્યું?

આપણને બાબાએ શ્રીમત આપ્યો છે બાળકો, ક્ષીરખંડ થઈને રહો. સ્વપ્નમાં પણ લૂણ-પાણી થવાનું નથી જો લૂણ-પાણી થયા તો પોતાને બ્રહ્માકુમાર - બ્રહ્માકુમારી કહેવડાવી શકતા નથી. મારું કામ છે, દૂધમાં ખાંડ થઈને રહેવું. જો મારામાં મીઠું હશે તો બીજાઓ પણ મારા ઉપર મીઠું નાંખશે. લૂણ-પાણી થવાનું કારણ છે દેહઅભિમાન. જો હું આ દુશ્મનથી કિનારો કરીને ક્ષીરખંડ રહું તો કોઈ વાત સામે આવશે નહીં. હવાની જેમ ચાલી જશે. સદા ક્ષીરખંડ રહો અર્થાત્ એકતા-યુનિટીમાં રહો.

ઈશ્વરીય જ્ઞાન છોડવું અર્થાત્ લૂલા-લંગડા બનવું. મુરલીમાં બાબાએ જે પણ શ્રીમત આપ્યો છે. તેનું પાલન કરવું એ મારો સ્વધર્મ છે. ચેક કરો મારામાં શ્રીમતનું પાલન કરવાની કેટલી શક્તિ છે? મારો સમગ્ર વ્યવહાર શ્રીમતની અંદર છે. મને શ્રીમત મળેલો છે. તમે દેહધારીઓના આકર્ષણમાં આવશો નહીં. જો આકર્ષણ છે તો શ્રીમતની રેખાને તોડે છે. એને રાવણ જરૂર પોતાની શોકવાટિકામાં લઈ જશે. આપણને શ્રીમત મળ્યો છે તમે તન, મન, ધન બાબાની સેવામાં લગાવો. પોતાની દિનચર્યાને શ્રીમત અનુસાર ચેક કરો. ઈર્ષ્યાવશ કદી કોઈને પાડવાનો પ્રયાસ ના કરો. બીજાને ઉતારી સ્વયંને ચઢાવવાનો સંકલ્પ છે તો આ ઘણું મોટું પાપ છે.

ભક્તિમાં કહીએ છીએ કે હૃદયમાં ભગવાન બેઠા છે. આ હૃદય આપણા બાબાનું ઘર છે. જેના હૃદયમાં પ્રેમ છે એને બાબાની યાદ છે. આ મારો સ્ટુડન્ટ છે. તમારા સેન્ટર પર આવી ના શકે. આવું વિચારવું પાપ છે. ચુંબક આપણા બાબા છે. ચલાવનાર બાબા છે. બાબાનાં સૌ પ્યારા બાળકો છે. બેહદની ભાવના રાખો.

॥ ઓમશાંતિ ॥

(પેજ નં. 11નું અનુસંધાન)... સંકલ્પો દ્વારા

આ મશીનરી ઘણી ઝડપી બની રહી છે. સૌના કર્મોનો હિસાબ-કિતાબ ચૂક્તે થશે. તેથી ગભરાવાનું નથી. આપણે કરજ લીધું છે તે તેને પ્રેમથી પાછું આપી દો. પોતાના ઘરના વાતાવરણને ખુશનુમા બનાવો. પોઝીટીવ સંકલ્પ કરો. પાપ કર્મોથી બચો. પોતાના જીવનને સાત્ત્વિક બનાવવાનું છે. મારી શુભકામનાઓ છે કે આપને ગહન ઊંઘ આવે. આપની રાત સુખ ભરી બને. આપ સ્વપ્નોથી મુક્ત બનો. આપ નિરોગી બનીને સંસાર માટે શ્રેષ્ઠ કર્મો કરો. આ રીતે સંસારને આપતાં આપતાં વિદાય લેવાની છે.

॥ ઓમશાંતિ ॥

રોજ મુરલીમાંથી હોમવર્ક કરીને વ્યર્થને સમર્થમાં બદલો

રાજયોગિની દાદી હૃદયમોહિનીજી, પૂર્વ મુખ્ય પ્રશાસિકા, શાંતિવન, આબુ રોડ



આપણા બાબા બાળકોને દુઃખી જોઈ શકતા નથી. આપણે લોકો તો સુખી બની ગયા પણ બીજા આપણાં ભાઈ-બહેન જે દુઃખી છે, અશાંત છે, ભયમાં છે. તેઓ કાલે શું થશે એના વિચારોમાં ખોવાયેલા રહે છે. એમને શાંતિનો સહયોગ આપીને તેમને સુખ-શાંતિનો અનુભવ કરાવવાનો છે. હવે સ્વયં શક્તિશાળી બનીને મનસા દ્વારા બીજાઓને શક્તિ આપવાની છે. આ આપણું મૂળ કાર્ય છે. આ કાર્ય કરવામાં વ્યસ્ત રહેવાથી આપ બહુ સહજ માયાજીત બની શકો છો. કારણ કે માયા પહેલાં મનમાં સંકલ્પના રૂપે આવે છે. પછી આગળ વધે છે. જો આપનું મન ઈશ્વરીય સેવામાં બીઝી હશે તો માયાને આવવાનો રસ્તો જ રહેશે નહીં. એટલે બાબા કહે છે મનસા સેવામાં રહેવાથી એક તો આપણું મન બીઝી રહે છે. અંતર્મુખી બનીને રહેવું અર્થાત્ અંદરમાં રહેવું. દેહભાનથી પરે (દૂર) રહેવું. જેનાથી માયા આવશે નહીં. બીજું આસપાસમાં આપના શાંતિના વાયુમંડલનો પ્રભાવ પડે છે. ત્રીજું જે ફાઈનલી થવાનું છે તે અચાનક થવાનું છે. તો દરેક ઘડી મારે એટેન્શન આપવાનું છે. અચાનક થવાનું છે તો એવર રેડી બનવું પડશે. કારણ કે અંત મતિ સો ગતિ થવાની છે. તો અચાનક, એવરરેડી અને લાંબા સમયનો અભ્યાસ જોઈએ. દરેક પળે એટેન્શન આપીને ટેન્શનમાં નહીં આવીએ તો એનો બહુ કાળ (લાંબો સમય) એકઠો થાય છે. જો અલબેલા બનીશું તો તે સમય કટ થઈ જાય છે. આ સમયે આપણને બાબાનું વરદાન છે કોઈ એવું ના કહે કે અમને તો ચાન્સ જ નથી. અમે તો હમણાં જ જ્ઞાનમાં આવ્યા છીએ. એમાં જે ઓટે સો અર્જુન. કોઈ પણ તક લઈ શકો છો જેટલો પુરુષાર્થ કરીને આગળ વધવા ઈચ્છો તેટલા આગળ વધી શકો છો.

વળી બાબા કહે છે એ નિશ્ચય રાખો કે કલ્પ પહેલાં પણ હું હતો. આ કલ્પમાં પણ હું જ છું. આટલો નિશ્ચય અને નશો જોઈએ. જ્યાં નિશ્ચય છે ત્યાં વિજય અવશ્ય અવશ્ય થાય છે. નિશ્ચયબુદ્ધિ વિજયન્તિ. તો આપણે સૌએ એ લક્ષ્ય રાખવાનું છે કે મારો યોગ્ય સમય અત્યારે છે. પળ પળ પરમાત્માની યાદમાં ખોવાયેલા રહે. જ્યાં પ્યાર છે ત્યાં ભૂલવાનું મુશ્કેલ હોય છે. યાદ કરવાનું મુશ્કેલ હોતું નથી. તો બહેનોની બહુ સારી લાઈફ છે. તેઓ બહુ આનંદમય રહે છે. એવી બહેનો દ્વારા બાપના આકર્ષણના પ્યારમાં તો અહીં આવ્યા છો. તો પરમાત્મ પ્યાર એવી ચીજ છે જેથી આપ પરમાત્માને પસંદ થઈ ગયા. ત્યારે તો આ બહેનો દ્વારા બાબાને પોતાના બનાવી દીધા. તો સાચા દિલથી મારા બાબા કહો તો, બાબા હાજર થઈને આપને પ્રેરણા આપશે. અસંભવ પણ સંભવ બની જશે. કારણ કે પરમાત્માનો હાથ આપણા શિર પર છે. સાચા, સાફ, દિલવાળાને ક્યારે શું કરવાનું છે, કઈ રીતે કરવાનું છે તે બાબા ટચ કરાવે છે. સમર્થ સંકલ્પ છે મુરલી, વરદાન, સ્લોગન એમાંથી હોમવર્ક કરીને વ્યર્થને સમર્થમાં બદલો. એના માટે મનનું ટાઈમટેબલ બનાવવું પડશે.

॥ ઓમશાંતિ ॥

જ્યાં સુધી એટેચમેન્ટ છે ત્યાં સુધી સુખી રહી શકતા નથી

રાજયોગિની દાદી જાનકીજી, પૂર્વ મુખ્ય પ્રશાસિકા, શાંતિવન, આબુ રોડ

મુરલીમાં એવો જાદુ ભરેલો છે, જે જાદુગરની જાદુગરી જોઈને અજબ લાગે છે જાદુગર ક્યાંનું ક્યાં કરે છે, આપણે જોતાં જ રહી જઈએ છીએ. તો બાબા પણ બહુ જ પ્રસિદ્ધ જાદુગર છે. પણ અનુભવ કહે છે કે શિવબાબા જાદુગર છે. જવાનોને વૃધ્ધ બનાવી દે છે, વૃધ્ધોને જવાન બનાવી દે છે. આ કમાલ છે બાબાની. શાહુકારોને ગરીબ બનાવી દે છે. શાહુકાર સેવામાં ધનને સેવામાં લગાવવામાં બિચારા ગરીબ છે. તેઓ વિચારતા રહે છે અને બાબા ગરીબને શાહુકારી બનાવી દે છે. શાહુકાર પૂછે છે બાબા, આપની હું શું સેવા કરું? જેને યજ્ઞ સેવા માટે બહુ પ્રેમ છે તે ગરીબ નથી. બાબા માટે તે શાહોના શાહ છે. ત્રણેય લોકોના માલિક છે. પછી ભલે તે અહીં રહે કે સૂક્ષ્મ વતનમાં રહે. બાબાએ એટલા હળવા બનાવી દીધા છે. બાલક સો માલિક બનવામાં મજા છે. જે નિર્દોષ બાળકો હોય છે તેમનામાંથી બહુ ખુશ્બુ આવે છે. ફૂલની જેમ સુગંધીદાર આવા બાળકમાં વિકારનો કોઈ અંશ હોતો નથી તેઓ ઘણા પ્યારા લાગે છે. કોઈ કોઈપણ જાતિ, દેશ, ધર્મ, ભાષાવાળા હોય પણ ફૂલ પ્યારું લાગતું નથી. જેટલા આપણે પ્યોર બનીશું, એટલા ફૂલ સમાન બનીએ છીએ. ખુશ રહીએ છીએ તો ફળ બની જઈએ છીએ. તો બાબા કેવા જાદુગર છે જે કાંટાઓને ફૂલ બનાવી દે છે.

બાબા કહે છે ખુશી જેવો ખોરાક નથી. ખુશીમાં રહેનારનો એક એક બોલ લાખોની વેલ્યુનો છે. માળા પણ ફેરવવા માટે હાથમાં ઉઠાવવી પડે છે. આપણે તો માત્ર બાબાના બોલ જ યાદ કરવાના છે. બસ ખુશી આવી ગઈ. કેવા બોલ? બાળકો, મને યાદ કરો. જી બાબા. બચ્ચે, 63 જન્મ વિકર્મો કર્યાં છે. હવે મને યાદ કરો તો વિકર્મ વિનાશ થઈ જશે, જી બાબા. સર્વમાં જી, બાબા કરવાનું છે. જે ડીટેચ થવાનું જાણતા નથી તેઓ લવીંગ કઈ રીતે હશે? જ્યાં સુધી એટેચમેન્ટ છે ત્યાં સુધી સુખી બની શકતા નથી. લોખંડની સાંકળ છોડી હવે સોનાની સાંકળ સારી લાગે છે. બાબાને કન્યાઓ માટે કેટલો પ્રેમ છે. કન્યાઓએ બાબાનું નામ બાલા કરવાનું છે. જ્ઞાનનો સારો અભ્યાસ કરવાનો છે. સારા ગુણવાન બનવાનું છે બાબાને જે સારું લાગે તે જ કરવાનું છે. જ્યાં બાબા બેસાડે ત્યાં બેસવાનું છે. એમાં આજકાલ કોઈ પરીક્ષા નથી. કોઈ અવાજથી વાત કરે છે. તો બીજા ઢીલા પડી જાય છે. અરે કંઈ નથી. ડ્રામા ઘણો જ મીઠો છે. શીખી રહ્યા છીએ. કોઈના સ્વભાવને ન યાદ કરો, ના કરાવો. આ પણ પાપના ખાતામાં જમા થશે. કર્મમાં નેચરને યાદ કર્યા તો આપણી નેચર પણ એવી નાજુક બની ગઈ. તો વિકર્મ વિનાશ તો થયા નહીં. ભલે સમજે છે કે હું ખરાબ કર્મ કરતો નથી પણ નાજુક સ્વભાવવાળામાં સહનશક્તિ હોતી નથી. તે શ્રેષ્ઠ કર્મ કરી શકતા નથી આપણું ભણતર છે ભણતા જાઓ, પ્રેક્ટીસ કરતા જાઓ. પાસ થતા જાઓ.

॥ ઓમશાંતિ ॥

સંકલ્પો દ્વારા તન અને મનનો ઉપચાર

બ્ર.કુ. સૂર્ય, જ્ઞાન સરોવર, માઉન્ટ આબુ

માનસિક રોગોની સાથે સાથે આજકાલ શારીરિક રોગ પણ મનુષ્યને બહુ કષ્ટ આપી રહ્યા છે. કેન્સર, હૃદયરોગો, દમ, એ પણ જીવનને નષ્ટ કરી રહ્યા છે. ડીપ્રેશન તો ઘણી બુરી ચીજ છે. રાતે ઊંઘ ન આવવી તે ઘણી મોટી સજા બની જાય છે. જેમને રાતે ઊંઘ આવતી નથી તેમને હું એક નાનકડી સલાહ આપું છું કે પુણ્યોનું ખાતું વધારો સૂતાં પહેલાં હું એક મહાન આત્મા છું. 108 વાર લખો. આપ જોઈ શકશો કે આઠ દસ દિવસમાં આપને લખતાં લખતાં જ ઊંઘ આવવા લાગશે. હું એક મહાન આત્મા છું તે આપે સમજી લેવાનું છે. અમે ભગવાનનાં બાળકો છીએ. એનાથી મહાન, એનાથી વધારે ઊંચાઈવાળું તો કોઈ હોતું નથી. અમે એમનાં સંતાન છીએ. પરમાત્માએ અમને સંબોધિત કરતાં વચન કહ્યાં, બચ્ચે, તમે પણ સાધારણ નથી. બહુ મહાન છો. અમારા સ્વમાનને જગાડ્યું, અમારી ચેતનાં સૂઈ ગઈ હતી. અમે પોતાને નીચ, પાપી, કપટી, દુરાચારી, વ્યસની સમજી બેઠા. પરમાત્માએ યાદ અપાવ્યું કે તમે બહુ પવિત્ર આત્મા છો. તમે મહાન આત્મા છો. આ સૃષ્ટિની શોભા છો. તમે આ સંસાર માટે લાઈટ હાઉસ છો. જો આપ રાતે પણ આ લખશો તો બ્રેઈનને પીસફુલ એનર્જી મળશે. બ્રેઈન શાંત થશે. ઊંઘ નહીં આવવાનું સૌથી મોટું કારણ પૂર્વ જન્મોમાં કરેલાં પાપ કર્મો છે. તે બ્રેઈનને હાઈપર એક્ટીવ કરી રહ્યાં છે. આ સર્વ વાતો ખ્યાલમાં આવવી જોઈએ. દવાઓથી એને શાંત કરી શકતા નથી.

મેં એક એવી વ્યક્તિ જોઈ છે જે રાતે 25 ગોળીઓ ખાતી હતી. મેં એમને કહ્યું કે તમે પાગલ થઈ જશો. છોડો એને દસ દિવસમાં જ એની ગોળીઓ છોડાવી. હું એક મહાન આત્મા છું. આ 108 વાર લખો. પરંતુ એ યાદ રાખો કે વોટ્સ એપ, મોબાઈલ ફોન પર આપને રહેવાનું નથી. કેટલાક માણસો રાતે એક બે વાગ્યા સુધી મોબાઈલ પર લાગેલા હોય છે. ભિન્ન-ભિન્ન ચીજો જુએ છે, ગંદી-ગંદી ફિલ્મો જુએ છે એમને સારી ઊંઘ આવતી જ નતી. આવા લોકોનું ડિપ્રેશનમાં આવવું, માનસિક રોગોના શિકાર બનવાનું નિશ્ચિત છે એટલે માતા-પિતા પોતાનાં બાળકોને સાવધાન કરે. કારણ કે યુવક આ વાતોને ઓછી સમજે છે. તેઓ તો આનંદ સમજે છે ગહેરી ઊંઘ સ્વાસ્થ્ય માટે પરમ આવશ્યક છે. આપ આ ચીજોથી બચશો. સૂતાં પછી વચ્ચે આપની ઊંઘ ઉડી જાય, ત્યારે હું મહાન આત્મા છું. ભગવાનનું સંતાન છું. આ રીપીટ કરતા રહેવું. આપને સારી ઊંઘ આવશે. ઊંઘનું સુખ પણ સૌ સુખોમાં એક મોટું સુખ છે. જેમને ઊંઘ નથી આવતી એમને પૂછો કે શું હાલ થાય છે? બ્રેઈનની શક્તિ નષ્ટ થાય છે. મન ચીડિયું બની જાય છે. ખુશી સમાપ્ત થઈ જાય છે. ધન, સંપદા એને નિરર્થક લાગે છે. લાંબા સમય સુધી ઊંઘ ન આવે તો મનુષ્ય આત્મહત્યા કરી લે છે. આમ કરવું એ એક મોટી ભૂલ છે. કારણ કે આત્મહત્યા પછી આત્મા ભટકે છે, પશ્ચાતાપ કરે છે.

પોતાને સુધારવાના છે. આપ ઈશ્વરીય જ્ઞાન લો. આપના જીવનમાં ખુશી પાછી આવશે. જ્યાં

ખુશી છે ત્યાં અનેક રોગ સમાપ્ત થઈ જાય છે. જો રોગીથી કામ થતું નથી તો ટોકતા ના રહો. અમારા ઉપર બોજરૂપ છે એવા શબ્દો બોલતા નહીં. એમણે તમારા માટે ઘણું બધું કર્યું છે તે ભૂલશો નહીં. આવું બોલવું એ પાપ છે. એનાથી સૂક્ષ્મ વિકર્મ બને છે. આપનું કર્તવ્ય છે એમને સહયોગ આપવાનું. કોઈના મરવાથી કોઈ સુખી બનતું નથી. મનુષ્ય સુખી તો પોતાનાં શ્રેષ્ઠ કર્મોથી થાય છે. ઘરનું વાતાવરણ હળવું રાખો. ખુશીનું વાતાવરણ બનાવી રાખો. વિશ્વાસપૂર્વક જાણી લો કે મનુષ્ય પ્રસન્ન રહેવાનું શીખી લે તો અનેક રોગ સમાપ્ત થઈ જશે. બ્લોકેજ પણ સમાપ્ત થઈ જશે.

એક વાત મારે કહેવી છે જેને હું ઘણી વાર રીપીટ કરું છુ. રાતે જ્યારે મનુષ્ય સૂઈ જાય છે તો એના સબકોન્સીયસ માઈન્ડમાં એના અંતર્મનમાં સૂતાં પહેલાં બહુ વધારે હીલીંગ પાવર હોય છે. આપ પોતાના મનને જે સંકલ્પ આપો. દા.ત. આપને કેન્સર છે તો સંકલ્પ કરો કે મારું કેન્સર બિલકુલ ઠીક થઈ ગયું છે. ખુલ્લા મનથી વિચારો. આપને હાઈ બી.પી. છે. સંકલ્પ કરો કે મારું બી.પી. નોર્મલ થઈ ગયું છે. મારો હૃદયરોગ સમાપ્ત થઈ ગયો છે. મારું લીવર પરફેક્ટ થઈ ગયું છે. મારું માઈગ્રેન બિલકુલ ઠીક થઈ ગયું છે. આ પ્રકારે પાંચથી સાત વાર વિચાર કરીને સૂઈ જાઓ. કોઈ મનુષ્ય આ સંકલ્પો કરીને સૂઈ જાય કે હું બહુ તંદુરસ્ત છું. હું બહુ સુખી છું. હું નિરોગી છું. હું સ્વસ્થ છું, હું ભાગ્યવાન છું. આ રીતના પુરુષાર્થથી રોગો દૂર થઈ જશે.

હું આપ સૌના ધ્યાનમાં લાવી રહ્યો છું કે રોગો વધી રહ્યા છે. એટલા માટે પહેલેથી જ કહી દઉં છું કે આ કલ્પનો હવે અંત આવી રહ્યો છે. એમાં સર્વના કર્મોનો હિસાબ-કિતાબ થઈ રહ્યો છે.

(અનુસંધાન પેજ નં. 07 પર)

એક મુસાફીર

બ્ર. કુ. ઈશ્વરીય મુસાફીર

ઐસા લગતા હૈ હમ લંબી સફર કે મુસાફીર હૈ,
સુખમય સફર કા સુનહરા કિરદાર હૈ,
ઈસ ધરા પર ઈન્સાનો કે સાથ...
ઈન્સાનીયત સે સફર કરતા હૂં.
ઐસા ભી લગતા હૈ કી ઈન્સાન
અપની જરૂરિયાત કે હિસાબ સે મિલતે હૈ,
ઔર ફિર...
સફર કે સાથ અનજાન બન જાતે હૈ.
હમારી સફર મેં બહોત ઈન્સાન આયે,
દિલસે કિરદાર નિભાતા ગયા,
પર મેં ઈન્સાન કી ઈન્સીનીયત કા સફર કા
અધુરી રાહ કા અંત નહીં બના.
બહુત ઉમ્મીદ ઔર દુઆઓ કે સાથ
નિભાતા ચલા રૂહાનીયત સે..
પર ના હમેં કિસી કી દુઆઓ કા ઠિકાના મિલા,
કિન્તુ જબ ભી કિસી કી સફર મેં સામીલ હુઆ,
સત સે ચિત સે દિલ સે
આત્મિય ભાવ સે નિભાતા ચલા.
સુકુન લુટા દિયા, મુસ્કુરાતે ચહેરે કે સાથ,
હર કિરદાર નિભાતા ચલા.
ઈસ ઉમ્મીદ કે સાથ કી હમ ઈસ બાર
સફળ હો જાએ, ટીક જાયે,
મુસાફીરી કો યહ સફર સાયદ મંજૂર નહીં હૈ.
અબ સમજ આયા, હમ એક છોટા સા લમ્હા હૈ,
પુરા ઈતિહાસ નહીં,
લેકિન હા એક ઉમ્મીદ તય હૈ,
જબતક હૂં, ઈસ સફર મેં
હર પલ, હર લમ્હા ઐસા સફર કરૂગા,
જાતે જાતે ભી કોઈ રૂહ કહેગી...
હાં એક મુસાફીર આયા થા, થોડી સફર કે લીએ,
મગર દિલસે રૂહ મૈં હમેંશા કે લીએ,
બસ ગયા ઠહેર ગયા.

॥ ઓમશાંતિ ॥

હું આત્મા છું અર્થાત્ આત્મામાં વિશ્વાસ

બ્ર.કુ. જગદીશચંદ્ર, દિલ્હી

આત્મવિશ્વાસ છે. હું આત્મા છું. જો હું આત્મા છું. એ યાદ આવશે તો પિતા પરમાત્મા જરૂર યાદ આવશે. જ્યારે આ વિશ્વાસ રહે છે તો ઠીક રહીએ છીએ. જ્યારે આ ભૂલી જઈએ છીએ તો શું પરિણામ આવે છે ? નિરાશ, ઉદાસ થઈ જઈએ છીએ. નિરાશા કેમ આવે છે? કારણ કે આપણે આત્મા જે પોઈંટ છીએ તે ભૂલી જઈએ છીએ. એટલે બાબા કહે છે નિરાશ થશો નહીં, હતાશ થશો નહીં. જેમ બાળક કરમાઈ જાય છે, દુઃખી થઈ જાય છે, તો મા-બાપ કહે છે તું તો લાડલો છું. જુઓ આપણી કેટલી મિલકત છે. તું જ મારો વારસ છું. આ સૌ ચીજો તમારી છે. સર્વ કાંઈ તમારું છે એટલે બાળકોને શું શું છે એ યાદ અપાવીને ખુશીમાં લાવે છે.

બાબા પણ આપણને બતાવે છે કે તમે શું શું છો. કયો કયો વારસો તમને મળી રહ્યો છે. જો કોઈ વ્યક્તિ પોતાની સંપત્તિને તિજોરી યા લોકરમાં બંધ કરીને રાખે અને ઘણા દિવસો સુધી તેને ખોલીને વારંવાર જોયા કરે છે તો તેને ખુશી થાય છે અને નશો પણ રહે છે કે મારી પાસે આ આ છે. મોતી પણ છે, રત્ન પણ છે. બાબા આપણને યાદ અપાવે છે કે તમારી પાસે કયા ખજાના છે. તો આપણને ડીપ્રેશનમાં જવાની જરૂર નહીં પડે. કારણ કે આપણે છીએ ઈશ્વરીય સંતાન. પરમાત્માની ઔલાદ આપણે અને ડીપ્રેશન ! આ કઈ રીતે હોઈ શકે?

નેપોલિયન કહેતો હતો કે 'અસંભવ' શબ્દ મારા શબ્દકોશમાં નથી. તે મૂર્ખાઓના શબ્દકોશમાં હોય છે. અજ્ઞાનીઓના શબ્દકોશમાં હોય છે. ડીપ્રેશનનું કારણ ઈર્ષ્યા પણ હોય છે. કોઈને જોયા કે આ મારા સાથનો છે. તે ક્યાંથી ક્યાં પહોંચી ગયો. હું તો જેવો હતો તેવો જ રહી ગયો. તે આવું જ્યારે વિચારે છે તો વ્યક્તિને ડિપ્રેશન થાય છે. પરંતુ બાબા શું કહે છે? પોતાને જુઓ. બીજાઓને જોશો નહીં. આપણે બાબા - મમ્માનું અનુસરણ કરવાનું છે. આપણે શું બીજાઓના અનુયાયી છીએ? આ ડ્રામામાં દરેકનો પોત-પોતાનો પાર્ટ છે. પોત-પોતાનું ભાગ્ય છે. આ વેરાયટી ડ્રામા છે. એક ન મળે બીજા સાથે. એટલે આપણે કોઈની સાથે તુલના કરી શકતા નથી. કરવી પણ ના જોઈએ.

બાબા કહે છે ભલે રેસ કરો પરંતુ રીસ નહીં કરો. જ્યારે આપણે ઈર્ષ્યા કરવાનું શરૂ કરીએ છીએ તો તેની આગમાં સળગીએ છીએ. ત્યારે ડીપ્રેશન આવે છે. આ ચીજોને આપણે છોડવી જોઈએ. એક ઈચ્છા પૂરી થઈ જાય છે તો બીજી ઈચ્છા જન્મે છે. ઈચ્છાઓનો તો અંત જ નથી.

આદમીની ઈચ્છાઓ કદી પૂરી થતી નથી. કેટલી મોટી મોટી ઈચ્છાઓ છે તે સર્વ છોડી દેવી જોઈએ. મારી કોઈ ઈચ્છા નથી. બાબા મળી ગયા તો સર્વ કાંઈ મળી ગયું. હું ભરપૂર થઈ ગયો. બાબાએ મારી ઝોળી ભરી દીધી. બાબા જ મારા જહાન (મારું વિશ્વ) છે. આ સર્વ વાતો બાબાએ આપણને બતાવી છે. આપણા ડિપ્રેશનના દિવસો સમાપ્ત થઈ ગયા.

॥ ઓમશાંતિ ॥

સંપૂર્ણ અન્તઃવાહક ફરિશ્તા સ્વરૂપની ડ્રેસ પહેરીને વિચરણ કરો

બ્ર.કુ. ઉષાબેન, શાંતિવન, આબુ રોડ

બાબાએ એક અવ્યક્ત મુરલીમાં ઘણી સારી વાત બતાવી હતી કે બાબા પાસેથી સકાશ લેવાની છે. જો દેહ અભિમાનમાં હોઈશું તો સકાશ લઈ શકીશું નહીં. એના માટે મારે મારું સ્વરૂપ કેવું બનાવવું પડશે - બાબાના જેવું તો જે સૂક્ષ્મ સ્વરૂપ છે જેને અન્તઃવાહક શરીર કહીએ છીએ.

જેમ સાકારબાબા વખતે બાબા જ્યારે પુરુષાર્થ કરતા હતા અને જેવું એ રહસ્ય ખૂલ્યું કે સૂક્ષ્મવતનમાં પણ બાબા છે. સૂક્ષ્મવતનમાં જે બાબા છે તે બહુ પ્રકાશમાન છે. તો બાબા જાણવા માગતા હતા કે ઉપરવાળા બાબા કેવા છે. તો જ્યારે સંદેશીઓને પૂછતા તો જાણવા મળતું કે તે બાબા તો બહુ લાઈટવાળા છે. એ વખતે ફરિશ્તા ડ્રેસની જાણ પણ નહોતી. તો બાબાએ વિચાર્યું કે તે મારું સંપૂર્ણ સ્વરૂપ છે. અને આ પુરુષાર્થી સ્વરૂપ છે અને આ સ્વરૂપ, એ સ્વરૂપમાં મર્જ થઈ જશે. આ રીતે કેટલીય વાર સંદેશીયો જ્યારે ઉપર જાય છે અને બાબા ક્યારેક સભા દેખાડે છે તે સભા પૂરી ફરિશ્તા સ્વરૂપની સભા હોય છે.

એકવાર મેં ગુલઝારદાદીને પૂછ્યું કે દાદી બાબા જ્યારે આપને સભા દેખાડે છે, તો તેમાં દરેકનાં ફીચર્સ અલગ હોય છે. બહુ પ્રકાશમાન ફીચર્સ થઈ જાય છે તો તેમને ઓળખી શકતા નથી. તેમાં કોઈ કોઈ દાદીઓને ઓળખી શકીએ છીએ. કારણકે દાદીઓ એ સ્વરૂપની નજીક પહોંચેલાં હોય છે. તો જે રીતે સાકાર બ્રહ્મા બાબાનું નીચેનું પુરુષાર્થનું સ્વરૂપ અને ઉપર સંપૂર્ણ સ્વરૂપ એમાં મર્જ થઈ જાય છે. એના માટે બાબાએ પુરુષાર્થ કર્યો. અમૃતવેળાએ અઢી વાગે બેસીને બાબાએ લાઈટ માઈટની સ્થિતિમાં બેસીને એવું લાગતું કે આ સ્વરૂપ, એ સ્વરૂપમાં મર્જ થઈ રહ્યું છે. બસ આ રીતે આપણો અંતિમ પુરુષાર્થ બાબા જેવો હોવો જોઈએ. જ્યારે પણ આપણે બેસીએ તો આજ અંતઃવાહક સૂક્ષ્મ શરીર વતનમાં જાય અને એ સૂક્ષ્મ શરીરને ત્યાં સંપૂર્ણ અવ્યક્ત ફરિશ્તા ડ્રેસમાં મર્જ કરી દે. તે ધારણા કરી લઈએ કે સ્વયંને એ ફીચર્સમાં જોઈએ. જ્યારે એ સંપૂર્ણ સ્વરૂપમાં હોઈશું તો બાબા સાથે નયન મુલાકાત સહજ બની જશે. નયન મુલાકાત કરતાં જાણે બાબાના મસ્તકમાંથી સકાશ લઈ રહ્યા છીએ તેવી ફીલીંગ આવશે.

બીજો ઉપાય એ છે જેમ બાબા કહે છે કે ક્યારેક એવી લહેર હોય છે તો એવું લાગે છે કે બાબા સકાશ આપી રહ્યા છે. જેમ શરૂ શરૂમાં યજ્ઞના ઈતિહાસમાં આપણે જોયું કે જ્યારે યજ્ઞમાં કોઈ અનન્ય બાળક બીમાર પડતું તો બાબાની પાસે સમાચાર આવતા હતા. યજ્ઞના ઈતિહાસમાં અમે દાદીઓ દ્વારા સાંભળ્યું છે કે જ્યારે વિશ્વકિશોરભાઈ બોમ્બેની હોસ્પિટલમાં એડમીટ કર્યાં હતા. મમ્માને એડમીટ કર્યા હતાં. ઓપરેશન હતું ત્યારે બાબા અઢી વાગ્યાથી એમને સકાશ આપતા હતા. લાઈટનાં કિરણો આપી રહ્યા હતા.

ઠીક આપણે અનુભવવાનું છે કે જેમ જેમ અંતિમ સમયમાં આગળ વધી રહ્યા છીએ ત્યારે બે પેપર આપણી સમક્ષ આવશે. જે દરેક બ્રાહ્મણો એ ક્રોસ કરવાનાં છે.

ઓમશાંતિ ॥

રમણિકતાની મુરત, 'રમણિક મોહિની' ગોડલી ટ્રાન્સ મેસેન્જર

દાદી સંદેશી જી

બ્ર.કુ. હેમંતભાઈ, શાંતિવન, આબુ રોડ

જી હાં, સેકન્ડમાં સંદેશો પહોંચાડનાર અલાદ્દીનનો જાદુઈ ચિરાગ છે. 'વોટ્સએપ', તે ફક્ત લેખિત અથવા ઓડિઓ સંદેશા જ નહીં,પણ વિડીયો કોલ દ્વારા માઈલો દૂર બેઠેલા સ્નેહીને સાક્ષાત પોતે સમ્મુખ હોય એવો સંવાદ કરાવે છે, જાણે સાક્ષાત્કાર થઈ રહ્યો હોય! તેવી જ રીતે, યજ્ઞની શરૂઆતમાં, શિવપિતા ટ્રાંસમાં ચાંદ-તારાઓથી પણ પાર, સૂક્ષ્મવતનમાં લઈ જતા અને મૂકભાષા (મૂવી) માં વાતચીત કરતા, પછી, વતનના અવ્યક્ત ઈશારાઓને કેચ કરી સંદેશીઓ દિવ્ય સંદેશા લાવતી. દિવ્ય દ્રષ્ટિથી જ્ઞાનના રાજ ખોલનાર તે સંદેશપુત્રીઓમાંથી એક અગ્રણી અને અદ્વિતીય ગોડલી ટ્રાન્સ મેસેન્જર હતા 'દાદી સંદેશીજી'. દાદી, ટ્રાંસમાં દેવી-દેવતાઓના પોશાક-સજાવટ, હીરાના મહેલો, મનમોહક રાજદરબાર, સ્વર્ગના બગીચાઓના સાક્ષાત્કાર કરતા અને દિવ્ય દૃષ્ટીથી જોયેલા દૃષ્યોનું હુબહુ નાટ્ય રૂપાંતર કરી મનોરંજન કરતા, પોતાના મધુર અવાજથી મધુર ગીતો ગાતા અને સુંદર નૃત્યોથી મન મોહી લેતા. આ જ્ઞાનથી ભરપૂર નૃત્ય અને ગાયનના આ રૂહાની રમણિક હાવભાવને કારણે, શિવબાબાએ તેમને નામ આપ્યું **'રમણિક મોહિની'**. તેઓ ધ્યાનમાં જઈને સંદેશા લાવતા, જેના કારણે દાદીજી યજ્ઞમાં **'સંદેશી દાદી'**ના નામથી પ્રખ્યાત થયા. દાદીજી બાબા સાથે જ્ઞાન-યોગ, આહાર-વિહારની સાથી સાથે, બેડમિન્ટન રમતા અને ક્યારેક ચોપાટ રમીને બાબાનું મનોરંજન કરતા. તેથી, બ્રહ્માબાબા લાડથી તેમને **'બિન્દ્રબાલા'** કહેતા અને પત્રોમાં પણ **'બિન્દ્રબાલા'** જ લખતા.

દાદીનો લૌકિક જન્મ, પ્રેમના પયગંબર, ઈસુ ખ્રિસ્તનાં જન્મ દિવસ ક્રિસમસ ડે, 25 ડિસેમ્બર, 1925 શુક્રવારના શુભ દિવસે, સિંધ હૈદરાબાદનાં ઉચ્ચ ખાનદાની પરિવારમાં થયો હતો. છ સંતાનોમાં ચોથા કન્યારત્ન પ્રાપ્ત થવા પર પિતા **'રિજુમલ સખરાણી'** અને માતા **'સતી'** એ તેમનું સુંદર નામ આપ્યું **'લક્ષ્મી'**. દાદીના મહેનતુ અને બુદ્ધિશાળી પિતાનો વ્યવસાય સફળ હતો, જેના કારણે તેમની આર્થિક સ્થિતિ સમૃદ્ધ હતી. દાદી તેમના માતાપિતા, મોટા ભાઈ જગુમલ અને ચાર બહેનો દેવી, કલા, લીલા (દાદી શાંતામણી) અને ભગવતી (અલૌકિક નામ જ્યોતિ)ની સાથે એક ભવ્ય મકાનમાં રહેતા હતા. તેમનાં ખાન-પાન, પોષાક અને ચાલ ચલન એક ઉચ્ચ વર્ગના પરિવારને અનુરૂપ હતું. ગુરુ-ભક્ત પિતાના આદેશથી બધા ગુરુઘર (ઘરમાં એક ઓરડો) માં પ્રાર્થના કરતા, માતા દરરોજ ગુરુમુખી ગ્રંથ, જપ સાહિબ અને સુખમણિ સંભળાવતા, ત્યારે નાની ઉંમર હોવા છતાં, તેઓ ખૂબ રસપૂર્વક સાંભળતા. દાદીના એક માસી હતા **'રોચા'**. તેમના પતિને સોના-ચાંદીનો વ્યવસાય હતો. તેમને ધંધામાં નુકસાન થયું અને હાર્ટએટેકને કારણે તેમનું અવસાન થયું. ત્યારબાદ રોચા તેની બે દિકરીઓ રાધે (મમ્મા) અને ગોપી સાથે તેના પિયર આવી ગયા. દાદીનાં બીજા માસી હતા ધ્યાનીદાદી, તેઓ

પણ તેના પતિના મૃત્યુ પછી પિયરમાં જ રહેતા હતા. બંને વિધવા માસીઓ રોચા (રુક્મિણી) અને ધ્યાનીદાદી, દુઃખથી ઉદાસ રહેતા. દાદીના માતા અવારનવાર દાદા લેખરાજના ઘર પાસેથી પસાર થતા અને જશોદામાતા (દાદા લેખરાજનાં ધર્મપત્ની) રોજ બારીમાંથી તેમને જોતા. એક દિવસ, જસોદામાતા રસ્તામાં દાદીનાં માતા સતીને મળ્યા અને પૂછ્યું, 'તમે દરરોજ ક્યાં જાઓ છો?' તો માતાએ કહ્યું, 'બંને બહેનોના પતિ ગુજરી ગયા છે, એટલે તેઓની મનની શાંતિ માટે સત્સંગમાં જાય છે.' ત્યારે જશોદામાતાએ દુઃખી બહેનોની હાલત સાંભળી, તેમને સત્સંગમાં આવવા વિનંતી કરી. ઓમમંડળીમાં જતાની સાથે જ તેમણે બાબા પાસેથી ઓમધ્વનિ અને ગીતાજ્ઞાન સાંભળ્યું અને દાદીની માતા દેહથી અલગ થઈ ઊંડી શાંતિમાં ખોવાઈ ગયા. પછી તે પોતાની વિધવા બહેનોને પણ સત્સંગમાં લઈ ગયા. તેમને બાબાએ કહ્યું કે 'આત્મા મનનો માલિક છે, મનને સુખી કે દુઃખી કરવું તે પોતાના હાથમાં છે'. આ જ્ઞાન સાંભળીને બંને બહેનો હળવી થઈ ગઈ અને સંદેશીદાદીજીના માતા અને બંને માસીઓ સત્સંગમાં જવા લાગ્યા. તેમની સાથે રોચામાસીની બે પુત્રીઓ રાધે (મમ્મા) અને ગોપી પણ જ્ઞાનમાર્ગ પર ચાલવા લાગ્યા.

તે દરમિયાન બ્રહ્માબાબા કાશ્મીર ગયા હતા, સંયોગથી સંદેશીદાદીના પિતા પણ કાશ્મીર પહોંચ્યા. ફરતા ફરતા તેઓ દાદી નિર્મલશાંતાને મળ્યા અને તેમને પહેલગામનો રસ્તો પૂછ્યો, તો તેમણે કહ્યું, 'પહેલગામનો રસ્તો તો ખબર નથી, પણ પરમધામનો રસ્તો ખબર છે' ત્યારે બાબા સાથે તેમનો પરિચય કરાવ્યો, બાબાએ કહ્યું, 'બેટા, ત્રણ દિવસથી તને શોધી રહ્યો હતો.' તે આવ્યા તેને પણ ત્રણ દિવસ થયા હતા. બાબા પાસેથી 'બેટા' શબ્દ સાંભળીને તેને અચરજ થયું કે બેટા-બેટા કહેનાર કોણ છે? અને બાબાની દૃષ્ટિ મળતાં જ તે ટ્રાંસમાં ગયા અને પરમધામનું દ્રશ્ય જોયું, પછી તેમને પરમાત્મા પર નિશ્ચય થયો. બાબાની સલાહથી તેઓ સિંધ ગયા, કોર્સ કર્યો, ત્યારે તેમને 33 કરોડ દેવી-દેવતાઓનો સાક્ષાત્કાર થયો. બાબા કાશ્મીરથી પાછા ફર્યા, ત્યારે દાદીના પિતા પરિવાર સહિત સમર્પિત થયા. તે અરસામાં, બાબાએ એક બોર્ડિંગ ખોલી હતી અને બાળકોને પ્રવેશ મેળવવા માટે આગ્રહ કર્યો. દાદી તે સમયે પાંચમા ધોરણમાં ભણતા હતા. પિતાએ તેમને બોર્ડિંગ સ્કૂલમાં દાખલ કર્યા, અને દાદીના આધ્યાત્મિક શિક્ષણ અને અલૌકિક જીવનયાત્રાની શરૂઆત થઈ. હોસ્ટેલમાં તેમનો ઉછેર રાજકુમારીની જેમ થયો. દાદી મખમલનો સફેદ શાહી પોશાક - સીધી ક્રીઝ વાળો ડ્રેસ, માથા પર ઓમની રીબીન અને કમરમાં ઓમનાં પ્રતીક સાથેનો પટ્ટો પહેરતા- જેથી જોનારને લાગતું કે તે કોઈ પરી કે રાજકુમારી છે. દિવસમાં ત્રણ વાર ડ્રેસ ચેન્જ થતો. સૂતા પહેલા બેડશીટ બદલાઈ જતી. સફેદ ચાદરની પથારી પર જતા જ મચ્છરદાની પાડી દેવામાં આવતી અને ગીત વાગતું 'સો જા રાજકુમારી' પછી બાબા મમ્મા ગુડનાઈટ કરવા આવતા તો બધાને યોગ મુદ્રામાં બેઠેલા જોઈ, બાબા કહેતા, 'જુઓ મમ્મા, મંદિરમાં મૂર્તિઓ કેટલી શોભે છે!' સવારે 4.30 થી 5.00 વાગ્યે ફરવા માટે તે તૈયાર થતા, તો ડ્રીલની સાથે 'શાંતિ સમાધિ' શીખવવામાં આવતી. બાબા તેમને મધ અને દેશી ઘીની મીઠી રોટલી ખવડાવતા.

એકવાર, બાબાએ ક્લાસમાં કહ્યું, 'બાળકો, બીજી દિવાળી નહીં આવે. જે પુરુષાર્થ કરવો હોય, તે હમણાં જ કરી લો.' આ મહાવાક્યોનો દાદીના બાળ મન પર એટલો ઊંડો પ્રભાવ પડ્યો કે તેઓ કલિયુગી દુનિયાને

સંપૂર્ણપણે ભૂલી ગયા. જ્ઞાન સિવાય બધું જ તેને ખોટું લાગવા લાગ્યુ અને દ્રઢ નિશ્ચય કરી દાદી ભવિષ્યનાં ઉચ્ચ પદની પ્રાપ્તિ માટેના તીવ્ર પુરૂષાર્થમાં લાગી ગયા. દાદીની એક ખાસ ખુબી હતી 'ઓમ ધ્વનિ', જ્યારે તે બાબાના કહેવાથી 'ઓમ ધ્વનિ' કરાવતા ત્યારે બધા ધ્યાન અવસ્થામાં જતા રહેતા. એકવાર, તેમણે અનુભવ્યું કે લોહચુંબક સમાન કોઈ સત્તા ખેંચી રહી છે, અને તેઓ તેના તરફ આકર્ષાઈ રહ્યા છે. આવું લગાતાર ચાર-પાંચ દિવસ સુધી ચાલ્યું. જ્યારે આ વાત મમ્માને કરી ત્યારે બાબાએ કહ્યું, 'દિકરી, શિવબાબાને સંદેશ આપવો હશે' એકવાર, સાંજે જ્યારે તે મમ્માના ખોળામાં માથું રાખીને બેઠા હતા ત્યારે ઉપરથી ખેંચાણનો અનુભવ થયો. મમ્માએ કહ્યું, 'બેટા, ડરો નહીં. બાબાને વિશેષ કાર્ય કરાવવું હશે.' તો જેમ ટીવી પર જુદા જુદા દ્રશ્યો જોવા મળે, તેમ સૂક્ષ્મવતનમાં રાસલીલાના સુંદર દ્રશ્યો જોવા લાગી. પછી વતનમાં અવ્યક્ત બાબાએ કહ્યું, 'દિકરી, આને આરામથી જો, પછી નીચે જઈને સંભળાવજે અને રાસ કરજે.' આ વાત મમ્માને કહી, બાબાના આદેશથી 5 કન્યાઓ સાથે રાસ કર્યો. આ રીતે, તેઓ કલાકો સુધી આત્મા, પરમાત્મા અને સ્વર્ગીય દ્રશ્યોના દર્શનમાં ખોવાયેલા રહેતા. આ જ ધ્યાનનો પાર્ટ દાદીના નિશ્ચયનો આધાર બન્યો! તેઓ ધ્યાનમાં ભૂખ અને તરસ ભૂલી અનુભવ કરતાં કે તે બાબા સાથે ભોજન અને ફળોનો રસ પી રહ્યા છે. પછી બાબાએ સ્પષ્ટ કર્યું કે ધ્યાનથી પાપોનો નાશ નથી થતો, પછીથી ધ્યાનનો પાર્ટ પૂરો થયો.

ધ્યાનના પાર્ટને કારણે, દાદીના જીવનમાં એકવાર એક વિચિત્ર ઘટના બની. તે સમયે, હૈદરાબાદમાં માંના પ્રેમને તરસતી એક કૃષ્ણ-ભક્ત કન્યા રહેતી હતી. માતાના મૃત્યુથી માતૃવિયોગને કારણે તે વિચારતી કે તેનો પોકાર સાંભળી શ્રીકૃષ્ણ એક દિવસ અવશ્ય તેને માં સાથે ફરીથી મિલન કરાવશે. એકવાર તે કૃષ્ણ મંદિરમાં પ્રાર્થના કરતી વખતે બેહોશ થઈ ગઈ. આ બાજુ, સંદેશીદાદી પણ ધ્યાનમાં હતા. ત્યારે દાદીની આત્મા તે કન્યાના શરીરમાં અને તે કન્યાની આત્મા દાદીના શરીરમાં પ્રવેશ કરી ગઈ. છોકરીના ઘરે, દાદીનો આત્મા જ્ઞાન સંભળાવતી અને ઓમમંડળીમાં લઈ જવાની જીદ કરતી. છોકરીના સંબંધીઓ એવું સમજતા કે માતાથી અલગ થવાને કારણે પાગલ થઈ ગઈ છે. આ બાજુ છોકરીના આત્માના પ્રવેશથી વિચિત્ર સ્થિતિ ઊભી થઈ ગઈ. બ્રિજેન્દ્રાદાદીને જોતાં કન્યા 'માં, માં' બૂમો પાડતી. તેણે બ્રિજેન્દ્રાદાદી સાથે ખાવા-પીવા-સૂવાની ઈચ્છા વ્યક્ત કરી. તેના બાહ્યમુખી વાત સાંભળી બધાને શંકા ઉભી થઈ, અને તેઓએ બાબાને જાણ કરી, બાબાએ સાથે ભોજન કરવાની મનાઈ કરી. છોકરીના ઘરેથી એક પત્ર આવ્યો, ત્યારે યોગ્ય જવાબ આપી છોકરીને ઓમ મંડળીમાં બોલાવી. બાબાએ દાદી અને છોકરીને સામસામે બેસાડ્યા. બાબાએ શું કર્યું તે ખબર નથી! પરંતુ ભાનમાં આવતાની સાથે જ બંને પોતપોતાના શરીરમાં પાછા ફર્યા. છોકરી પોતાના ઘરે ગઈ. છોકરી કૃષ્ણની સાચી ભક્ત હોવાથી, શિવબાબાએ બ્રિજેન્દ્રાદાદી દ્વારા તેના માતૃ-સ્નેહની તૃપ્તિની ઇચ્છા પૂર્ણ કરી હતી.

દાદી વતનથી યોગનાં પ્રોગ્રામ લાવતા ત્યારે બાબા બધાને યોગ ભઠ્ઠીમાં બેસાડતા. ભઠ્ઠીમાં, તેઓ સફેદ કપડાં પહેરી, ફક્ત સફેદ ખોરાક જ ગ્રહણ કરતા. યોગમાં ક્યારેક અશરીરી અવસ્થા તો ક્યારેક સૂક્ષ્મલોકમાં શાંતિની અનુભૂતિ કરતા. ક્યારેક બાબા પાસેથી શક્તિ લેતા. બાબા

કર્મયોગ તરફ ધ્યાન દોરતા અને પોતે કર્મ કરીને સેવા શીખવતા. કાર્ય દરમિયાન, બાબા પાછળ ઊભા રહેતા અને કોઈ ખામી જોઈ પ્રેમથી કહેતા, ‘આમ નહીં, આમ કરો.’ તો, દાદી બાબાને ફોલો કરતા. બોર્ડિંગમાં કપડાંને ઈસ્ત્રી કરવાની ડ્યુટી મળી, તો તેઓ દિલથી કરતા. તેમના શબ્દકોશમાં 'કામચલાઉ' શબ્દ હતો જ નહિં! તેઓ દરેક કાર્ય સેવાભાવથી એક્યુરેટ કરતા. બાથરૂમની સફાઈ, જૂતા-ચપ્પલનું સમારકામ, બસ રિપેરીંગ, કાર ચલાવવી, વાસણો ધોવા, બ્રહ્માભોજન બનાવવું, કોર્સ કરાવવો, ભાષણ કરવું વગેરે સેવાઓ ખુબ પ્રેમથી કરતા. બાબાના ‘કમ ખર્ચ બાલાનશીન’ના ઉપદેશને જીવનમાં ઉતારી, સેવાકેન્દ્રમાં પણ, ભંડારીમાંથી ફક્ત ભોજન, ટિકિટ અને દવા માટે પૈસા લેતા, તે સિવાય એક પાઈ પણ ખર્ચતા નહીં. બાબા કહેતા, ‘બાળકો, માંગવા કરતાં મરવું સારું’ તેથી, તે તેમના લૌકિક માતાપિતા કે બીજા કોઈ પાસેથી કંઈ જ માંગતા નહીં. જ્યારે કરાચીથી આબુ આવ્યા, ત્યારે આર્થિક મુશ્કેલી (બેગરી પાર્ટ)માં પણ ખુશીથી બાજરાનો રોટલો અને છાશ ખાઈને અને મખમલને બદલે ખાદીના કપડાં પહેરીને સંતુષ્ટ રહેતા.

દાદીને સાકારમાં બાબાની સમીપ સાનિધ્યમાં રહેવાનું સૌભાગ્ય સૌથી વધુ મળ્યું. 1951 થી 1965 સુધી મધુબનમાં બાબાના સેવાસાથી બની, સેંટરથી આવતા બ્રહ્મવત્સો (પાર્ટી)ને બાબાને મળાવતા અને ખેલપાલ કરતા. આ કારણે, તેઓ સેવા માટે બહાર જઈ શકતા ન હતા. આથી બાબાએ કહ્યું, ‘જો તમારે પાસ વિથ ઓનર થવું હોય તો સેવાના સબ્જેક્ટમાં પુરા માર્ક્સ મેળવો’ અને તેમને સન્ 1965માં સેવા માટે કોલકાતા મોકલ્યા. તેઓ પ્રકાશમણિદાદી સાથે પટનામાં પણ રહ્યા અને સેવાકેન્દ્રનું સંચાલન કરતા શીખ્યા. દાદીએ કેટલોક સમય મુઝફ્ફરપુરમાં પણ સેવા આપી. પછી, તેઓ નેપાળ (કાઠમંડુ) ગયા અને શિવધ્વજ લહેરાવ્યો. નિર્મલશાંતા દાદીના કહેવાથી 1978માં તેઓ સેવાના આમંત્રણ પર ભુવનેશ્વર ગયા તથા સેવાક્ષેત્રમાં અનુપમ અનુભવ કરતા રહ્યા. તેઓ નિમિત્ત ભાવ અને ઉચ્ચ નશા સાથે મુરલી સંભળાવતા. સેવામાં મોટું દિલ રાખી, સાધનને મહત્વ આપવાને બદલે સાધનાનું લક્ષ્ય રાખતા. બાબા કહેતા, ‘દિકરી, પવિત્રતા સુખ શાંતિની જનની છે, તેથી ‘ધરતીમાં સમાઈ જાઓ પણ ધર્મ ન છોડશો’. એ શ્રીમતને ધ્યાનમાં રાખીને, કોઈના નામ રૂપમાં ફસાયા વિના, દાદીજીએ આજીવન સંકલ્પ અને સ્વપ્નમાં અખંડ પવિત્રતા અપનાવી, જેમની એક ઝલક માત્રથી બ્રહ્મવત્સોની સાથે-સાથે ઘણા વી.આઈ.પી.ઓ પણ પ્રેરણા મેળવતા. રસોઈ કળામાં પારંગત દાદી, શુદ્ધ સ્વાદિષ્ટ બ્રહ્માભોજન ખવડાવીને પાલના કરતા. તેઓ ભોગ પણ ખૂબ જ શુદ્ધતા અને શ્રદ્ધાથી લગાવતા. કપડાં ફાટી જાય તો તે તેને થીંગડું મારતા, કપડાં પહેરવા યોગ્ય ન રહ્યા હોય તો તેમાંથી રજાઈ-ધાબળાનાં કવર અથવા રસોડાના પડદા કે પોતા બનાવતા.

ભુવનેશ્વરનાં ગીતાબહેન દાદીના ગુણોનું વર્ણન કરતા કહે છે, ‘દાદી સેવાનો કાર્યક્રમ હોય તો કોઈની પાસે ધન માંગતા નહીં.’ તેઓ કહેતા, ‘જેનું કાર્ય, તેને ચિંતા’ અને નિમિત્તભાવથી સેવા સમ્પન્ન કરતા. દાદી કહેતા, ‘કર્મની ગતિની જેમ ધનની ગતિ પણ ગહન છે.’ તેથી ચાર રોટલીને બદલે ત્રણ રોટલી ખાઈ, બચત કરી મધુબન ભંડારી મોકલતા. રેલયાત્રા પણ ત્રીજા ક્લાસમાં કરતા. કોઈ મર્યાદાનું ઉલ્લંઘન કરે, તો મહાવાક્ય સંભળાવી ચેતવણી આપતા! તેઓ કહેતા, ‘જ્યાં સ્નેહના બે શબ્દોથી કામ થાય, ત્યાં લાંબુ ભાષણ

શા માટે આપવું?' તેમને અપશબ્દ કે મોટેથી બોલવાનું જરા પણ પસંદ ન હતું. તે લડાઈ ઝઘડાને દૂરથી નમસ્કાર કરતા. એકવાર, એક ભાઈ કેરી લાવ્યો, તો દાદીએ કહ્યું, 'બાબાને ખવડાવ્યા વિના કેવી રીતે ખાઈ શકું?' ભાઈએ જવાબ આપ્યો, 'આ તો થોડા જ છે.' પછી, બીજા દિવસે, ઘણી બધી કેરીઓ લઈને મધુબન મોકલી, તો તેને પણ આશીર્વાદ મળ્યા. રાજધાનીમાં સેવાકેન્દ્ર નાનું હતું, ગવર્મેન્ટ પાસેથી જમીન મળી, પરંતુ દાદીએ ન તો સરકારી અનુદાન માંગ્યું, ન દાન કે ન તો સેન્ટર પાસેથી કોઈ મદદ માંગી. તેમના શ્રેષ્ઠ સંકલ્પ અને બધાના સહયોગને કારણે ઓમ નિવાસ બન્યું. એકવાર દાદી મુઝફ્ફરપુરથી પાર્ટી લઈને મધુબન ગયા તો બાબાએ કહ્યું, 'દિકરી, ખૂબ ભાગ્યશાળી છે. આગામી શિવરાત્રિએ, બાબાને 21 સોનાનાં સિક્કાનો હાર પહેરાવજે.' તે સમયે, બહુ સેવા નહોતી, તેથી મજાક સમજીને ભૂલી ગયા. પરંતુ એક દિવસ, એક માતા સોનાનો સિક્કો લાવી. ધીમે ધીમે, વધુ સોનાના સિક્કા આવ્યા, અને શિવરાત્રિ પહેલા, ભંડારી ખોલી તો 21 સિક્કા મળ્યા. પછી, દાદીએ સોનાના સિક્કાનો હાર બનાવીને મધુબનમાં બાબાને પહેરાવ્યો. તેઓ દરેક વસ્તુનો ઉપયોગ કરતા, જેમ કે જૂના પત્રના પરબિડીયા કાપીને તેમાંથી શાકભાજીની પર્ચીઓ બનાવતા, તેવી જ રીતે, દાદી ઘઉંમાંથી નીકળતા નાનાં દાણા પક્ષીઓ માટે અને શાકભાજીની છાલ ગાયો માટે કાઢતા અને દહીંના પાણીમાંથી કઢી બનાવતા. તેઓ કહેતા, 'વેસ્ટને બેસ્ટ ન બનાવી શકો, તો પતિતને પાવન કેવી રીતે બનાવશો?' 14 વર્ષની ભઠ્ઠીમાં કોઈ બીમાર પડે, તો વતનમાં બાબા પાસેથી નિદાન પૂછતા અને સારવાર કરાવતા. સ્નેહ-સરળતા-રમણીકતાથી ઓતપ્રોત અને નમ્રતા-સાદગીથી સમ્પન્ન સંદેશી દાદી, હંમેશા ઈશ્વરમાં 'એક બળ, એક ભરોસો' રાખી પ્રતિકૂળ પરિસ્થિતિઓ અને ગંભીર રોગોમાં પણ પ્રસન્ન રહેતા. અંતે, સત્ગુરૂવાર 1 નવેમ્બર, 2007 ના રોજ, દાદીએ દિવસ દરમિયાન બ્રહ્માભોજન સ્વીકાર્યું, ત્યારે તેમના ચહેરા પર કોઈ તકલીફ નહોતી. મેં કહ્યું, 'બાબા બોલો', તો દાદીએ પાંચ વખત 'બાબા બાબા બાબા બાબા બાબા' કહ્યું અને બપોરે 1:50 વાગ્યે, દેહત્યાગ કરી બાપદાદાની ગોદમાં સમાઈ ગયા.'

॥ ઓમશાંતિ ॥

અનુવાદ - બ્ર.કુ. વિજય પોશિયા,
ઈન્ડિયા કોલોની, અમદાવાદ.

(પેજ નં. 31નું અનુસંધાન)... **આપનાર માત્ર**
સંબંધોમાં જાય, યા દેહના પદાર્થોમાં જાય, પણ એનર્જી જઈ રહી છે.

જો આપણે ઉર્જા બચાવવી છે તો બધી ચીજોથી ઉપર ઉઠવું પડશે. ત્યારબાદ આપણી સ્થિતિ અલગ હશે. આપણે પરમાત્માના ઘરે પણ સારું ફીલ કરતા નથી તેનું કારણ જ્ઞાન-યોગ બહારની પ્રકૃતિ સાથે ચાલ્યા જાય છે. તો પોતાને એલર્ટ કરીને સ્વયં પર ધ્યાન આપવાની જરૂર છે. શા માટે હું મારી ઉર્જા નષ્ટ કરી રહ્યો છું. એટલે શિવ નિરાકાર પરમાત્મા રોજ આપણને શીખવાડે છે કે પોતાની ઈન્દ્રિયો પર કન્ટ્રોલ કરો. પ્રકૃતિજીત બનો. દેહ, દેહના સંબંધોને ભૂલો. માત્ર શિવ પરમાત્મા જ ઊર્જા આપનાર છે. આ ભાવને પકડીને ચાલશો, તો આપની ઉન્નતિ થશે. જેથી આપણને પણ સારું લાગશે.

॥ ઓમશાંતિ ॥

પ્રસન્નતાના પથ પર

કોઈ બદદુઆ આપે તો શું કરશો ?

બ્ર.કુ. શિવાનીબેન, ગુરુગ્રામ, હરિયાણા

આપ પરમાત્માનાં બાળકો છો. દાતાનાં બાળકો દાતા છો ને? તો દાતાનું કામ શું હોય છે? આપવું. તો સૌથી સારી ચીજ છે દુઆઓ આપવી. કોઈ ગમે તેવી વ્યક્તિ હોય તો પણ છે તો આપણા ભાઈ બહેનને ? આપણે એક પરમાત્માનાં બાળકો ભાઈ-બહેન છીએ. એક જ માના પેટમાંથી નીકળેલાં બે બાળકો પણ એક બીજાને દુઆઓ આપતાં નથી. એનું એક જ કારણ છે દાતાને બદલે લેનાર બની ગયા. સંબંધોમાં માત્ર આજ કારણ છે. એનર્જી આપવાના સંબંધોમાં આજે આપણે લેનાર. આપણને સૌ પાસેથી જોઈએ, જોઈએ. જો બદદુઆ આપનારને પણ આપ દુઆ આપશો, તે આપે યા ન આપે. પણ આપ દુઆ આપશો તો દુઃખ થશે નહીં, જ્યારે બીજાઓને દુઆ આપશો તો પોતાની સ્થિતિ કેવી બની જશે જો આમ નહીં કરીએ તો એની નેગેટીવ એનર્જી આપણને દુઃખી કરી દેશે. વિચારી વિચારીને ઝેર આપણે પી રહ્યા છીએ. જે ચિંતન કરે છે તે સ્વયં પી રહ્યા છે. જ્ઞાનનું મંથન કરશો, સારી સારી વાતોનું મંથન કરશો તો તે આપણી પ્રોપર્ટી બની જશે. તેથી બાબા કહે છે અગર બદદુઆઓ આપનારને પણ આપ દુઆ આપો. તે આપે ન આપે પણ દુઆ આપશો તો સુખી થશો. આ તો પોતાનું પ્રોટેક્શન થઈ ગયું ને?

બાબા આપ બાળકોને એક વરદાન આપે છે. વરદાન યાદ રાખશો તો સદા ખુશ રહેશો. પરમાત્મા વરદાન આપે છે કે જો કોઈ આપને દુઃખ આપે છે છતાં પણ આપ દુઃખ લેશો નહીં. કોઈ બૂરી ચીજ આપે છે તો દુઃખ થાય છે. અશાંતિ આપે છે તો તે બૂરી ચીજ છે ને? આપને પસંદ છે? પસંદ નથી ને? આ તો બૂરી ચીજ છે, તો બૂરી ચીજ લેવાય ખરી?

કોઈ આપને એવી ગીફ્ટ આપે જે સારી નથી તો શું આપ લેશો? એમણે નેગેટીવ એનર્જી મોકલી જો આપે એટેન્શન નહીં રાખ્યું તો આપે નેગેટીવ એનર્જી સ્વીકારી લીધી. પછી દુઃખી કોણ થાય છે? આપ થાઓ છો? કે તે થાય છે ? લેનાર વધારે દુઃખી થાય છે ને? અત્યારથી જ જો આપ દુઃખ લેશો નહીં તો આપનું અડધું દુઃખ દૂર થઈ જશે. આપ દુઃખને બદલે એને સુખ આપશો તો આપને દુઆઓ મળશે. તો સુખી પણ થશો અને દુઆનો ખજાનો ભરપૂર પણ થઈ જશે. ગમે તેવો આત્મા હોય પણ આપ દુઆઓ આપો. શુભભાવના, શુભકામના રાખો.

॥ ઓમશાંતિ ॥

- **પોતાની જવાબદારીઓનો બોજ પરમાત્માને સોંપીને ડબલ લાઈટ બનો.**
- **જેઓ આજે સારી રીતે જીવે છે તેઓ આવતી કાલને આશાની નિશાની બનાવે છે.**
- **પરચિંતનના પ્રભાવથી મુક્ત થવું છે તો શુભચિંતન કરો.**
- **નિર્માણતાની વિશેષતા ધારણ કરો તો સફળતા મળતી રહેશે.**

વ્યર્થનું સુખ

બ્ર.કુ. વિવેકાનંદ, મહાદેવનગર, અમદાવાદ

વ્યર્થનું સુખ ટાઈટલ વાંચી આપના મનમાં વિચાર ચક્ર ફરતું થયું હશે. મારા મનની દશા પણ આ જ હતી. હું રીસેપ્શનમાં બેઠો હતો. મને મારા મિત્રનો મેસેજ આવ્યો... વ્યર્થનું સુખ. મને ખબર ના પડી.. મેં રીપ્લાય કર્યો. મિત્રએ ઉત્તરમાં કહ્યું કે તમે લેખક છો. વ્યર્થનું સુખ વિષય પર લેખ લખો. શાંત સરોવરમાં કોઈએ પથ્થર ફેક્યો હોય એવો અનુભવ હતો. મારા મન માનસરોવરમાં તરંગો પેદા થયા. કોઈએ તો અહિયાં સુધી કહ્યું કે વ્યર્થનું સુખ હોય જ નહી. વિષય ગહન છે. ઉપર ઉપરથી સમજાય એવો નથી જ. પડકાર સમજી, મનને દિશા આપી અને લેખકની કલમે જે લખ્યું છે તે અત્રે આપની સમક્ષ છે.

માણસ માત્ર સુખની શોધમાં સમગ્ર જીવન વ્યતીત કરે છે કારણ કે મનનો સ્વભાવ સુખ તરફ આકર્ષિત થવાનું છે. મજાની વાત તો એ છે કે નિયતિના ખેલમાં આત્માને ચાર પ્રકારના સુખની શોધ હોવાના કારણે પરમાત્મા પણ પરમધામ છોડી આ ચાર પ્રકારના સુખ આપવા માટે જ આ ધરતી ઉપર આવ્યા છે. 1. રૂપ એટલે સૌંદર્ય 2. રૂપિયા અર્થાત્ સંપત્તિ 3. પદ અને 4. પ્રતિષ્ઠા

દુનિયાની દરેક વ્યક્તિ આ ચાર પ્રકારના સુખ માટે મથામણ કરી રહ્યા છે. પરંતુ દ્વાપરથી આત્માની અધોગતિ અર્થાત્ વિકારોનો પ્રભાવ મન ઉપર પડવાથી સુખની પરિભાષા અને સુખ પ્રાપ્ત કરવાની વિધિ વિધાનમાં પરિવર્તન આવી ગયું. માણસ સાચા સુખની જગ્યાએ વ્યર્થ સુખ તરફ આકર્ષિત થયો છે.

વ્યર્થનું સુખ એટલે એવું સુખ કે આનંદ, જે દેખાવમાં મીઠું લાગે પરંતુ એની કોઈ સ્થાયી કિંમત નથી. તે થોડો સમય મનને હલકું બનાવે છે, પરંતુ અંતે ખાલીપણું અને પસ્તાવો જ આપી જાય છે.

વ્યર્થનું સુખ એ મૃગજળ જેવું છે, ભ્રમ પેદા કરે છે - દૂરથી આકર્ષક લાગે છે, પરંતુ હાથમાં કંઈ આવતું નથી. વ્યર્થનું સુખ ક્ષણિક હોય છે, ખોટી લાગણીથી ભરેલું હોય છે અને જેના અંતે ખાલીપણું કે પસ્તાવો જ બાકી રહે છે. વ્યર્થનું સુખ બાહ્ય દેખાવમાં મીઠું લાગે છે, પરંતુ તેની પાછળ કોઈ સ્થાયી મૂલ્ય કે સાર્થક પરિણામ મળતું નથી. દાખલા તરીકે નિરર્થક ગપસપ, બીજાની ટીકા, દેખાવખોર ખર્ચ, બિનજરૂરી મનોરંજન, ઈર્ષ્યા-દ્વેષની સ્પર્ધા વગેરે માણસને થોડીવાર માટે આનંદ તો આપે છે, પરંતુ અંતે શાંતિ, સંતોષ અને સાચા સુખને હણી લે છે.

નિરર્થક ગપસપ કે વ્યર્થ ચર્ચા - જ્યારે કોઈ વાતમાં તથ્ય, લાભ, હિત કે જીવનમાં ઉપયોગીતા ન હોય અને માત્ર સમય પસાર કરવા કે મનોરંજન માટે વાતો ચાલે, તેને નિરર્થક કે વ્યર્થ ચર્ચા કહી શકાય. તેમાં ગપસપ, નકારાત્મક ચર્ચા, અન્યની બદનામી કે ખાલી કથન હોય છે.

નિરર્થક ગપસપ કેમ વ્યર્થ સુખ છે?

સમયનો બગાડ - ગપસપમાં કલાકો વીતી જાય, પણ જીવનમાં એક પણ મૂલ્યવાન કાર્ય આગળ વધતું નથી. સમય એ જિંદગી છે, અને તેનો નાશ એટલે જીવનનો નાશ. વળી પરમાત્મા કહે છે કે નાડી જોઈને જ્ઞાન આપો, નહિ તો એ પણ વ્યર્થના ખતા જમા થશે. વ્યર્થ જ્ઞાન ચર્ચા પણ વ્યર્થના ખાતામાં વૃદ્ધિ કરાવે છે તો વ્યર્થ ગપસપની ગતિ શું થશે?

મનનું પ્રદૂષણ -નિરર્થક ગપસપમાં માત્ર સમયનો બગાડ થાય છે એવું નથી પરંતુ આવી ચર્ચામાં મોટાભાગે ઈર્ષા, તુલના, કે બદનામી છુપાયેલી હોય છે. આ વાતો મનને નકારાત્મક બનાવી દે છે. મનમાં પ્રદુષણ ફેલાવે છે.

સંબંધોમાં તણાવ - આજ જેની ગપસપ કરીએ છીએ, કાલે તે વાત તેને પહોંચે તો સંબંધોમાં વિશ્વાસ તૂટે છે. મિત્રતા અને સંબંધો નબળા પડે છે.

ખોટી તૃપ્તિ - ગપસપથી મળતું સુખ ફક્ત થોડા ક્ષણો માટે હોય છે. પછી મન ખાલીપણું, ગુનો કે અશાંતિ અનુભવતું હોય છે.

આંતરિક શક્તિની ખોટ - પરમાત્મા કહે છે કે વ્યર્થ વિચારો, બોલ આત્માને શક્તિઓથી ખાલી કરી દે છે. પરિણામે મનની એકાગ્રતા તૂટે છે

બીજાની ટીકા - બીજાની ટીકા એટલે બીજાના વર્તન, લાગણીઓ, વિચાર કે જીવનશૈલી પર નકારાત્મક ટિપ્પણી કરવી. ઘણી વખત ટિપ્પણીઓ ખરેખર મદદરૂપ નથી. માત્ર વ્યક્તિને નબળું, હેરાન અથવા ઓછું સમજવાનો પ્રયત્ન હોય છે.

વાસ્તવમાં બીજાની ટીકામાં પ્રાપ્ત સુખ વ્યર્થનું સુખ જ છે.

ક્ષણિક આનંદ આપે છે, ઊંડો સંતોષ નહીં- ઘણીવાર આપણે જાણતા અજાણતા પણ કોઈના માટે ટીકા-ટિપ્પણીઓ કરતા હોય છે. પરંતુ જ્યારે આપણે બીજાની ટીકા કરીએ, ત્યારે થોડી ક્ષણ માટે 'સંતુષ્ટિ'ની લાગણી થાય છે કે મોટાઓના કાન પર આ વાત નાખી. પરંતુ આ આનંદ ખૂબ જ ટૂંકા ગાળાનો હોય છે. પછી મનમાં ખોટું લાગવું, પસ્તાવો કે ગંદકી રહી જાય છે. એટલે કે, આ 'સુખ' વ્યર્થ છે – તે લાંબા ગાળે કોઈ શાંતિ કે સંતોષ લાવતું નથી.

મનને નકારાત્મક બનાવે છે - બીજાની ટીકા કરતી વખતે આપણે ભ્રમ, ઈર્ષા, જીદ, ગુસ્સો જેવી નકારાત્મક ભાવનાઓને પોષીએ છીએ. આ મનની શુદ્ધતા અને શાંતિ પર અસર કરે છે.

આત્મસન્માન પર અસર - બીજાની ટીકા કરવી આપણાં પોતાના ભાવને પણ અસર કરે છે. અંતે, જો આ બાબતો સામે આપણી જાતને સાચવી ન શકીએ, તો પસ્તાવો અનુભવીએ છીએ.

વળી વ્યર્થ ગપસપની જેમ જ સંબંધોમાં પણ તિરાડ પડે. સમય-શક્તિનો બગાડ થાય છે.

દેખાવખોર ખર્ચ - જો આપણે પોતાની જરૂરિયાત કરતાં વધુ ખર્ચ કરીએ માત્ર લોકો પર પ્રભાવ બનાવવા, અપેક્ષા મુજબ જીવન જીવવાનો દેખાવ બતાવવા માટે, તેને દેખાવખોર ખર્ચ કહેવામાં આવે છે. લોકોને બતાવવા ધન ખર્ચ કરવો, સેવા કરવી, મોબાઈલ, વસ્તુઓ કે કપડા ખરીદવા, ફોટા પાડી કે વિડીઓ બનાવી સોશિયલ મીડિયા પર મુકવા અગેરે દેખાવ ખર્ચ છે.

દેખાવખોર ખર્ચ વ્યર્થ સુખ છે.

ક્ષણિક અને છીંછરો આનંદ - જો કંઈ મોંઘું ખરીદીએ કે દેખાવ બતાવીએ, તો થોડા પળ માટે આનંદ થાય છે. પરંતુ આ આનંદ ઊંડો નથી; થોડા જ દિવસોમાં એ આનંદ ગાયબ થઈ જાય છે. સેવા કરી અને દેખાવ માટે ફોટા અપલોડ કર્યા પણ લાઈક કે પ્રશંસક કોમેન્ટ ના મળે તો મન ખિન્ન થઈ જય છે.

તણાવ લાવે - વધારે ખર્ચ, લોન અથવા ફક્ત દેખાવ માટે ખર્ચ કરવાથી આર્થિક દબાણ વધે છે. ટૂંકા ગાળાના મનોરંજન માટે લાંબા ગાળાની મુશ્કેલી ઊભી થઈ શકે છે.

માનસિક સંતોષ ઓછો થાય છે - જો તમે

માલિકી દર્શાવવા માટે ખર્ચ કરો છો, તો આંતરિક સંતોષ મળતો નથી. પરમાત્મા કહે છે કે જે સેવા કરવાથી સંતુષ્ટતા પ્રાપ્ત ન થાય તો સેવા જમા થતી નથી.

સ્વાતંત્ર્ય પર અસર - વધારે ખર્ચ અને દેખાવખોરી આપણને આર્થિક અને માનસિક રીતે બાંધી દે છે. ખોટી પ્રતિષ્ઠા માટે જીવવું 'સુખ' લાવે નહીં પરંતુ બંધન વધારે છે.

વ્યર્થ તૃપ્તિ - લોકો શું કહેશે તે વિચારવાથી મળતું સુખ માત્ર ક્ષણિક છે. એ સુખ લાંબા ગાળાનું નથી; તે ભૌતિક સુખ છે જે અંતે ખાલીપણું છોડે છે.

ઈર્ષા-દ્વેષની સ્પર્ધા - જ્યારે કોઈ બીજાની સફળતા, સંપત્તિ, સુંદરતા, પ્રતિભા કે લોકપ્રિયતા જોઈને મનમાં ઈર્ષા થાય અને એને પાછળ પાડવા કે નબળું સાબિત કરવા માટે હોડ શરૂ થાય, તેને ઈર્ષા-દ્વેષની સ્પર્ધા કહેવાય. આવી સ્પર્ધા સકારાત્મક નથી, પણ નકારાત્મક ભાવનાઓથી ભરેલી છે. પરમાત્મા કહે છે કે મીઠે બચ્ચે, 'રીસ નહી કરો, રેસ કરો.'

ઈર્ષા-દ્વેષની સ્પર્ધામાં વ્યર્થ સુખ છે.

ક્ષણિક સંતોષ, આંતરિક ખાલીપણું - જ્યારે ઈર્ષાથી પ્રેરાઈને આપણે કોઈને પાછળ પાડી દઈએ કે તેનો અપમાન કરી દઈએ, ત્યારે થોડી ક્ષણ માટે 'જીત્યા' એવું લાગે છે. પણ એ સંતોષ ટૂંકો છે, મનની અંદર ખાલીપણું - અસંતોષ રહે છે.

મનની શાંતિનો નાશ - ઈર્ષા અને દ્વેષ મનમાં ઝેર સમાન છે. બીજા સામેની સ્પર્ધામાં મન હંમેશાં બેચેન રહે છે. આ સતત દોડ અંતે માનસિક અશાંતિ લાવે છે.

સંબંધોમાં તણાવ - ઈર્ષા અને દ્વેષ મિત્રતા, કુટુંબ, સમાજ બધાને અસર કરે છે. જ્યાં પ્રેમ, સહકાર અને મિત્રતા હોવી જોઈએ ત્યાં તુલના, તણાવ અને ગેપ આવી જાય છે.

વ્યક્તિત્વના વિકાસમાં અવરોધ - જો સ્પર્ધા પ્રેરણા અને પ્રગતિ માટે હોય તો તે હિતકારક છે. પરંતુ જો સ્પર્ધા ઈર્ષા-દ્વેષ પરથી ઊભી થાય, તો વ્યક્તિ પોતાનો સમય, ઊર્જા અને પ્રતિભા બીજાને નબળું પાડવામાં જ વેડફે છે. પોતાનો સાચો વિકાસ અટકી જાય છે.

સાચા સુખથી વિમુખતા - ઈર્ષા-દ્વેષથી મળતું સુખ ફક્ત 'બીજાને હરાવવાનો' આનંદ છે, જે વ્યર્થ છે, કેમ કે તે પોતાને નબળું બનાવે છે.

આ સિવાય પણ ઘણી બધી એવી બાબતો છે જેમાં મનુષ્ય ક્ષણિક સુખની પ્રાપ્તિ માટે ઝંખના ધરાવે છે જે વ્યર્થ સુખ જ છે. પરમપિતા પરમાત્માએ સાચું સુખ મેળવવા માટે કેટલીક વિધિ બતાવી છે.

જ્ઞાનને સમજવા પ્રયત્ન કરીએ તો એક વાત સ્પષ્ટ સમજાય છે કે પરમાત્મા પણ આત્માને ચાર પ્રકારના સુખ આપવા માટે જ આવ્યા છે. એ સુખ પ્રાપ્ત કરવા માટે **પરમાત્મા શિક્ષક બની ચાર વિષયો ભણાવી રહ્યા છે.**

જ્ઞાન - ભગવાન કહે છે કે વ્હાલા બાળકો, ધનની પ્રાપ્તિ કરવા માટે જ્ઞાન રત્નોને ધારણ કરો. રોજ જ્ઞાન મનન-ચિંતન કરો. શિક્ષણ એ કમાણીનું સાધન છે. માટે પરમાત્માની શ્રીમત છે કે નિરર્થક ગપસપ કરવાના બદલે આધ્યાત્મિક વિચાર વિમર્શ કરવો, પ્રેરણાદાયી વાર્તાઓ કે અનુભવો વહેંચવા, સેવામાં, સર્જનમાં, પ્રેમ અને સહકારમાં સમય વિતાવવો. ઉપયોગી જ્ઞાનની ચર્ચા કરવી.

યોગ - એ બીજો વિષય છે. યોગ થકી તન-મનની તંદુરુસ્તી અને આકર્ષક કાયા બને છે. અલૌકિક સૌન્દર્ય પ્રાપ્ત થાય છે.

ધારણા - થકી પ્રતિષ્ઠાની પ્રાપ્તિ થાય છે. માટે પરમાત્મા કહે છે કે નિર્માણ, નિમિત્ત અને નિર્માનચિત બની સંબંધ-સંપર્કમાં આવો. બીજાની ભૂલ જોઈને સમજવું અને પ્રેમપૂર્વક માર્ગદર્શન આપવું.જો બીજાની ટીકા જરૂરિયાતથી વધારે કરવી પડે તો માત્ર રચનાત્મક અને સકારાત્મક ટિપ્પણી કરવી. આત્મ-વિશ્લેષણ અને સ્વાધ્યાયમાં સમય ખર્ચવો.

સેવા - થકી શ્રેષ્ઠ પદની પ્રાપ્તિ થાય છે. આપણે જાણીએ છીએ કે પરમાત્મા માત્ર ધર્મની સ્થાપના કરવા નથી આવ્યા સાથે સાથે રાજધાની પણ સ્થાપી રહ્યા છે. માટે પરમાત્મા કહે છે નંબરવાર પુરુષાર્થ અનુસાર.

પરમાત્માના કેટલાક સ્લોગન

યોગી બનો પવિત્ર બનો, કમ ખર્ચ બાલા નશીન, સાદગીમાં જ સાચુ સૌંદર્ય છે, સિમ્પલ લિવિંગ બટ હાઈ થીંકીંગ, સ્વમાનમાં રહો સન્માન આપો.

બાબાએ આપેલા સ્લોગન દ્વારા જીવનને શ્રેષ્ઠ બનાવી સાચા સુખને પ્રાપ્ત કરવા માટે પ્રેરિત કર્યા છે. પરમાત્માએ જ્ઞાન, યોગ, ધારણા અને સેવા આ ચાર વિષયો દ્વારા રૂપ, રૂપિયા, પદ અને પ્રતિષ્ઠા એવા ચાર સુખોને પ્રાપ્ત કરવા માટેનો માર્ગ ચિંધ્યો છે. પરંતુ આ ચારેય સુખ આપતા પહેલા આત્માઓમાં વ્યક્તિ, વસ્તુ અને વૈભવથી નિર્લિપ્ત તેમજ અનાસક્ત રહેવા માટે શ્રીમત આપ્યો છે. કારણકે વ્યર્થના સુખની ઉત્પત્તિના કેન્દ્રમાં વ્યક્તિ, વસ્તુ અને વૈભવનું આકર્ષણ છે. વ્યર્થના સુખથી પર જઈ અતિન્દ્રિય સુખ તરફ પરમાત્માએ આપણે સૌ આત્માઓને જ્ઞાનમાર્ગ તરફ વાળવા માટે સુખની અનુભૂતિ કરાવી છે. આપણે સૌ અનુભવી છીએ કે આપણે પરમાત્માના ઘરે આવ્યા ત્યારે સ્નેહ ભર્યો આવકાર, સ્નેહભર્યું વાતાવરણ અને પાલના, પવિત્રતા, સંબંધ કે નિસ્વાર્થ સેવા કે જ્ઞાન દ્વારા સુખની અનુભૂતિ કરી છે અને આજ સુધી પણ સુખને અનુભવ કરી રહ્યા છીએ. માટે જ જૂની તથા દુ:ખ આપવાવાળી દુનિયા, સંબંધો કે વ્યવહારથી મનમાં વૈરાગ્ય ઉત્પન્ન થયો છે.

કલ્પમાં એક જ વાર પ્રાપ્ત થતું અતિન્દ્રિય સુખ

સર્વ સુખોમાં અતિન્દ્રિય સુખ જ સર્વશ્રેષ્ઠ અને કલ્પમાં એક જ વાર પ્રાપ્ત થવા વાળું સુખ છે. ઉપરોક્ત ચારેય વિષયો થકી અતિન્દ્રિય સુખની પ્રાપ્તિ થાય છે. તેથી જ પરમાત્મા કહે છે કે ચારેય વિષયોમાં યથાર્થ પુરુષાર્થ કરી 100 પરસેન્ટ અને સંપૂર્ણ કલ્પ માટેનું સુખ પ્રાપ્ત કરો.

હંમેશ એક વાત યાદ રાખવી.

જ્ઞાનથી ધનનો દીપ પ્રગટે,
યોગથી સૌંદર્ય કાયા ઝળકે.

ધારણા આપે માન-પ્રતિષ્ઠા,
સેવા પદનો શણગાર બને.

વ્યર્થ સુખ છે ક્ષણિક મોહનું,
ઈર્ષા-દ્વેષના ભ્રમજાળનું.

દેખાવમાં જે ફસાઈ જાય,
ખાલીપણું હૃદયમાં છવાય.

સાચું સુખ છે અંદર વસી,
આત્મશાંતિમાં જે પ્રકાશી.

જ્ઞાન, યોગ, સેવા-ધારણા,
જીવનને આપે નિત્ય ગરિમા

॥ ઓમશાંતિ ॥

જ્ઞાન પરબ

સહજ રાજયોગ - 2

બ્ર.કુ. જગદીશભાઈ પટેલ, ઈસનપુર

ગતાંકમાં આપણે રાજયોગ વિશે આછો પરિચય મેળવ્યો હતો. આપણે જોયું કે સ્વયં યોગેશ્વર ભગવાનના શ્રીમત અનુસાર **યોગ એટલે યાદ.** આપણે જેને પણ બુદ્ધિથી યાદ કરીએ છીએ તેની સાથે આપણો બુદ્ધિનો યોગ છે, તેમ કહી શકાય. જેવી રીતે એક માતાનો બુદ્ધિ યોગ નિરંતર પોતાના બાળક સાથે જોડાયેલો હોય છે, એક પ્રિયતમાનો બુદ્ધિયોગ પોતાના પ્રિતમની સાથે હોય છે, તેવી જ રીતે એક રાજયોગીની બુદ્ધિનો યોગ લગાતાર એક પરમાત્મા સાથે જોડાયેલો હોય છે. કોઈપણ ચીજ-વસ્તુ અથવા સાંસારિક બંધન આપણી બુદ્ધિને પોતાની તરફ આકર્ષિત કરતી હોય, તો ત્યાંથી બુદ્ધિને પાછી વાળીને પરમાત્માની યાદમાં લગાવવી તેનું જ નામ યોગ કહેવામાં આવે છે. યોગીએ કર્મ કરતા કરતા પણ બુદ્ધિયોગ પરમાત્મા સાથે જોડાયેલો રાખીને કર્મયોગી બનવાનું છે. જેમ એક પાણીયારી પોતાના માથા ઉપર પાણીના બે બેડા મૂકી, છુટા હાથે ચાલતા ચાલતા પોતાની સખીઓ સાથે મજાક મસ્તી કરતી જતી હોય, તેમ છતાં પણ તેની બુદ્ધિ તો પોતાના બેડા તરફ જ હોય છે, તેવી જ રીતે એક કર્મયોગીની બુદ્ધિ પણ સંસારમાં રહીને કર્મ કરવા છતાં પણ એક પરમાત્મામાં જ લાગેલી રહેવી જોઈએ.

એકવાર એક રાજાને ત્યાં સંધ્યાકાળે એક મહાત્માજી પધારે છે. વાત-વાતમાં મહાત્માજીને રાજા પૂછે છે કે મારી બુદ્ધિ પ્રાર્થના સમયે પ્રભુ સાથે એકાગ્ર રહેતી નથી, તેના માટે મને કોઈ ઉપાય બતાવો. મહાત્માજી રાજાને એક દીવો આપે છે અને કહે છે કે આખા મહેલમાં ફરીને આવો, પણ એટલું ધ્યાન રાખજો કે આ દીવો બુઝાવો જોઈએ નહીં. રાજા જ્યારે મહેલ ફરીને પાછા આવે છે ત્યારે મહાત્માજી પૂછે છે કે તમે મહેલમાં શું નિરીક્ષણ કર્યું? ત્યારે રાજા જવાબ આપે છે કે મારું ધ્યાન તો દીવો હોલવાય નહીં તેમાં જ હતું બીજી કોઈ બાજુએ ગયું જ નથી. મહાત્માજી કહે છે કે બસ તમારે આજ ધ્યાન રાખવાનું છે કે સંસારમાં રહી, હરવા ફરવા છતાં પણ મન એક પરમાત્મામાં જ લાગેલું રહે, બીજે ક્યાંય ભટકે નહીં, જો બીજી કોઈ તરફ મન જશે તો પરમાત્મા સાથે એકાગ્ર થઈ શકશે નહી.

રાજયોગ શીખવા માટે શરૂઆતમાં થોડી તકલીફ તો પડશે જ. મનને માંકડું કહેવામાં આવે છે. જેમ માંકડું ક્યારેય એક સ્થાન પર સ્થિર બેસતું નથી, ઉછળકૂદ કર્યા જ કરે છે, તેવી જ રીતે મનને પણ એક સ્થાન પર સ્થિર કરવું મુશ્કેલ છે. જેવી રીતે સાયકલ શીખવામાં શરૂઆતમાં પડી જઈએ છીએ અને વાગે પણ છે, પરંતુ આવડ્યા પછી બંને હાથ છુટા રાખીને પણ આપણે સાયકલ ચલાવી શકીએ છીએ, તેવી જ રીતે યોગ આવડી ગયા પછી આપણે કર્મ કરતા કરતા પણ બુદ્ધિને એક પરમાત્મામાં નિરંતર લગાવી શકીએ છીએ. બસ તેના માટે અભ્યાસની જરૂર છે.

સંસારમાં આપણે જેને પણ યાદ કરીએ છીએ. તેમને યાદ કરવાનો આધાર અલગ અલગ હોય છે. દુનિયામાં આપણે તેમને જ યાદ કરીએ છીએ, જેમને આપણે ઓળખતા હોઈએ છીએ. યાદ પણ જુદા-જુદા પ્રકારની હોય છે. એક યાદ કે

જે મુશ્કેલીથી આવે છે, બીજી યાદ જે આપણને વારંવાર સતાયા કરે છે, ત્રીજી યાદમાં આપણે ખોવાઈ જઈએ છીએ અને ચોથી યાદ મતલબ કે સ્વાર્થ ભરેલી હોય છે.

પહેલી યાદ, કે જેમાં કોઈને યાદ કરવા આપણને મહેનત કરવી પડે છે, દાખલા તરીકે કોઈ શુભ પ્રસંગે આમંત્રિતોની યાદી બનાવવા આપણે એક-એક પરિચિત વ્યક્તિઓને યાદ કરવા પડે છે, જેથી કરીને કોઈ રહી ન જાય. વર્ષો જૂના સ્નેહી સંબંધીઓને યાદ કરવામાં મહેનત લાગે છે.

બીજી યાદ એ છે કે જેમની સાથે આપણો ઘનિષ્ઠ સંબંધ હોય છે તેમની યાદ સતાવે છે. ઉદાહરણ તરીકે કોઈ માતાનો દીકરો હોસ્ટેલમાં કે વિદેશમાં ભણવા ગયો હોય તો માને પુત્રની યાદ સતત સતાવતી હોય છે. પતિ પરદેશ હોય તો પણ પત્નીને તેની યાદ સતાવે છે.

ત્રીજી યાદ એ છે કે જે દિલમાં સમાયેલી હોય, દાખલા તરીકે કોઈ કન્યાની સગાઈ થઈ હોય તો તે પોતાના ભાવિ પતિની યાદમાં ખોવાયેલી રહે છે. આંખ કાન ખુલ્લા હોવા છતાં પણ તે અલગ જ દ્રશ્ય નિહાળતી હોય છે.

ચોથી યાદ એ છે કે જેમની પાસેથી આપણે કંઈ પ્રાપ્ત કરવું હોય તેમની સ્વાર્થભરી યાદ આવતી હોય છે. જેમના દ્વારા કોઈક વસ્તુ કે મદદ પ્રાપ્ત થઈ હોય અથવા થવાની હોય તેને યાદ કરવામાં આવે છે. દાખલા તરીકે કોઈએ આપણને ગાડી કે મકાન ભેટ આપ્યું હોય અથવા કોઈએ જરૂરિયાતના સમયે આપણને મદદ કરી હોય તો તેમને સારાખોટા પ્રસંગે આપણે યાદ કરીએ છીએ.

રાજયોગમાં પણ સૌ પ્રથમ આપણને પરમાત્મા સાથેનો પરિચય થાય છે, ત્યારબાદ તેમની સાથે સંબંધ બંધાય છે. પરમાત્મા સાથે પવિત્ર અને નિસ્વાર્થ સંબંધને કારણે તેમની યાદ આપણને સતાયા કરે છે. પરમાત્મા સાથેનો આપણો પરિચય અને સંબંધ અનેક જન્મોથી અવિનાશી રહેલો છે. માટે જ સુખ દુઃખમાં દરેક પ્રસંગે મનુષ્યને પરમાત્માની યાદ અવશ્ય આવે છે.

કેટલાક લોકો બીજાની ઓળખાણ કે લાગવગનો ઉપયોગ કરીને જરૂર હોય ત્યાં સુધી જ યાદ કરતા હોય છે, જરૂરિયાત પૂરી થઈ ગયા પછી મદદ કરનારને ભાગ્યે જ યાદ કરે, આ છે મતલબ કે સ્વાર્થભરી યાદ. એવી જ રીતે ઘણા લોકો ભગવાનને પણ મતલબથી યાદ કરે છે કે જો હું પરીક્ષામાં સારા ટકાએ પાસ થઈશ તો કિલો પેંડા ધરાવીશ અથવા મારી ખોવાયેલી વસ્તુ મળશે તો હું એક શ્રીફળ વધેરીશ. આ કોઈ સાચી યાદ નથી પરંતુ શરતોને આધિન યાદ છે. જો સારા ટકા ન આવે તો ભગવાનને યાદ કરવાનું પણ ભૂલી જાય.

બીજા કેટલાક લોકો પરમાત્માને ભય અથવા બીકને કારણે યાદ કરે છે. પ્રાકૃતિક આપદાઓમાં કેટલાક યજ્ઞ અને હવન કરે છે, તો કેટલાક શરીરની બીમારીમાં પીડાથી બચવા, ભયથી ભગવાનને યાદ કરે છે. કેટલાક લોકો વ્રત અને નિયમનો ભંગ થાય તો ભગવાન નારાજ ન થાય તે ડરથી પણ ભગવાનને યાદ કરતા હોય.

ત્રીજી યાદ છે ફરિયાદ ભરી કે જેમાં વ્યક્તિ ભગવાનને વારંવાર ફરિયાદ કરતા હોય છે કે મારું નસીબ જ આવું કેમ બનાવ્યું ? મારુ નસીબ જ ફૂટલું કેમ છે અને પડોશીને નસીબમાં આટલું બધું કેમ આપ્યું ? મને જ કેમ નોકરી મળતી નથી ?

ચોથી યાદ છે કે, જેમાં ભક્ત લોકો પોતાને સેવક અથવા દાસ અને ભગવાનને માલિક સમજે છે. પોતાને ચરણોની ધૂળ સમજતા હોવાથી તેમને

પરમાત્મા પિતાનો સંપૂર્ણ વારસો મળતો નથી. દાખલા તરીકે એક નોકરને ગણેલી જ રોટલી ખાવા મળશે પરંતુ જે સંતાન હશે તેને પરાણે પ્રેમથી જમાડવામાં આવશે.

કેટલાક લોકો પ્રાર્થનામાં મૂર્તિની સામે માગણીઓ કર્યા કરે છે, જેને વન વે કોમ્યુનિકેશન કહી શકાય. જ્યારે યોગ એ ટુ વે કોમ્યુનિકેશન છે જેને રૂહરિહાન કહેવામાં આવે છે. ભજન કે પ્રાર્થના કોઈએ બનાવેલી હોય છે જેમાં બીજાના દિલની ભાવનાઓથી આપણે ભગવાનને યાદ કરીએ છીએ. ભગવાન તો ભાવનો ભૂખ્યો છે જેમાં આપણી ભાવના હોવી જોઇએ, પરંતુ પ્રાર્થનામાં પ્રાર્થના કરનારની ભાવના હોય છે. રોજ એકની એક વાત કરવાથી જેમ આપણે કંટાળીએ તેમ પરમાત્માની સાથે પણ આપણે એકની એક પ્રાર્થના ન કરતા, અલગ-અલગ રીતે વાતો કરવી જોઈએ.

આપણો સંબંધ તેની સાથે જ બંધાય છે જેની સાથે આપણા વિચારો, આદતો, ભાવનાઓ, રસ, રુચિ વગેરે મળતા આવતા હોય. ઈશ્વર સાથે આપણો શું સંબંધ છે? પરમાત્મા આપણા પરમપિતા છે. આપણા પિતા જ્યોતિબિંદુ સ્વરૂપ છે તો આપણે આત્માઓ પણ તેમના સમાન જ્યોતિબિંદુ સ્વરૂપ જ છીએ.

પરમાત્મા જ્ઞાનના સાગર છે તો આપણે તેમના સંતાન પણ જ્ઞાનસ્વરૂપ આત્માઓ છીએ. પરમાત્મા પવિત્રતાના સાગર છે તો આપણે આત્માઓ પણ પવિત્ર સ્વરૂપ છીએ. પરમાત્મા સર્વશક્તિવાન છે તો આપણે પણ માસ્ટર સર્વશક્તિમાન છીએ. આમ પરમાત્મા સમાન ગુણ ધારણ કરવાથી જ આપણા સબંધ તેમની સાથે બંધાય છે અને જળવાય પણ છે. પરમપિતાના જે ગુણો કે સ્વભાવ છે તે એમના સંતાનોમાં પણ હોય છે. આમ પહેલી સમાનતા સ્વરૂપની અને બીજી સમાનતા ગુણોની છે. પરમાત્મા શાંતિના સાગર છે તો આપણે આત્માઓ પણ શાંત સ્વરૂપ છીએ. પરમાત્મા પ્રેમના સાગર છે તો આપણે આત્માઓ પણ પ્રેમ સ્વરૂપ છીએ.

ત્રીજી સમાનતા રહેઠાણની છે, આત્મા અને પરમાત્મા બંનેનું રહેઠાણ એક જ પરમધામ છે. જેવી રીતે કોઈ એક જ દેશના કે વતનના વ્યક્તિ વિદેશમાં સાથે મળી જાય તો તેમની વચ્ચે સ્નેહ અનાયાસે બંધાઈ જાય છે, તેવી જ રીતે આત્મા અને પરમાત્મા બંને પણ એક જ વતનવાસી પરમધામ નિવાસી છે.

રાજયોગની વિભિન્ન અવસ્થાઓ

રાજયોગની પહેલી અવસ્થા છે જ્ઞાનનું મનન ચિંતન કરવું. મનની ત્રણ સૂક્ષ્મ શક્તિઓ છે મન, બુદ્ધિ અને સંસ્કાર. આત્માને પરમાત્મા સાથે મળવા કે મિલન મનાવવા માટે, પહેલા મનને એકાગ્ર કરવું જરૂરી છે. મન મનન ચિંતન દ્વારા જ એકાગ્ર થઈ શકે છે. શરૂઆતના તબક્કામાં મનને એકાગ્ર કરવાનો અભ્યાસ ન હોવાને કારણે યોગના સમયે મન ભટકતું રહે છે. મનને માકડું કહેવામાં આવે છે, જેમ માકડું એક સ્થાન પર સ્થિર બેસી રહેતું નથી પરંતુ ઉછળકુદ કર્યા જ કરતું હોય છે. તેવી જ રીતે મનને પણ એક જગ્યા પર સહેલાઈથી સ્થિર કરી શકાતું નથી. તેના માટે મનન ચિંતન અત્યંત આવશ્યક છે. મનન એટલે મનોમંથન. જેવી રીતે સમુદ્રમંથન કરવાથી તેમાંથી વિષ (ઝેર) નીકળે છે તેવી જ રીતે યોગની શરૂઆતની અવસ્થામાં મનોમંથન કરવાથી મનમાં રહેલી નેગેટિવ વાતો અને અશુદ્ધ સંસ્કારો કે જે ઝેર સમાન છે તે આપણા માનસપટલ ઉપર તરી આવે છે. જેમ વલોણું કરવાથી નીચેની વસ્તુઓ ઉપર આવે છે, તેવી જ રીતે આપણા મનન ચિંતનથી આપણા અર્ધજાગ્રત મનમાં પણ, 63

જન્મના સંસ્કારો દબાયેલા છે, તે બહાર નીકળે છે. આથી ઘણા લોકો ડરથી યોગ કરવાનું જ છોડી દે છે અને સમજે છે કે યોગથી તો બીજી મુસીબત ઊભી થાય છે. પરંતુ અભ્યાસ કરતા કરતા ધીરે-ધીરે આત્મામાં રહેલા નેગેટિવ સંકલ્પો દૂર થતા જાય છે અને જ્ઞાન અમૃત રૂપી શ્રેષ્ઠ સંકલ્પો આવવા લાગે છે, જેનાથી આપણે અતિન્દ્રિય સુખ અને આનંદનો અનુભવ કરી શકીએ છીએ.

રાજયોગની બીજી અવસ્થા છે પરમાત્મા સાથે દિલથી વાત કરવી, તેમની સાથે વાર્તાલાપ કરવો. ભગવાનને આપણે કહીએ છીએ કે હે પ્રભુ તમે જ મારા માતા-પિતા, શિક્ષક, ગુરુ, સખા-મિત્ર, સાજન-સજની સર્વસ્વ છો. માતાપિતાની આપણે ઘણીવાર પાલના યાદ કરીએ છીએ કે તેઓ મારા માટે આવી-આવી વસ્તુઓ લાવ્યા હતા, તેઓ મને સારી-સારી વસ્તુઓ બનાવીને ખવડાવતા હતા, મને બહુ જ પ્યાર કરતા હતા અને મને શિખામણ પણ આપતા હતા. આ રીતે આપણે માતા-પિતાના સબંધને યાદ કરીએ છીએ. આવી જ રીતે પરમાત્માને પણ આપણે અન્ય સબંધોથી યાદ કરી તેમની સાથે દિલથી વાર્તાલાપ કરી શકીએ છીએ.

રાજયોગની ત્રીજી અવસ્થા છે જેમાં આપણે પ્રભુની યાદમાં ખોવાઈ જઈએ છીએ, જેવી રીતે કોઈ સજની પોતાના સાજનની યાદમાં ખોવાયેલી રહે છે. ગોપીઓ, નરસિંહ મહેતા, મીરા, નારદ જેવા ભકતો પ્રભુની યાદમાં એટલા ખોવાયેલા રહેતા કે આજુબાજુ શું ચાલી રહ્યું છે તેનું પણ તેમને ભાન રહેતું નહોતું. આંખો ખુલ્લી હોય, દેખતા હોવા છતાં પણ બુદ્ધિ પરમાત્મા મિલનમાં મસ્ત હોય. ખુલ્લી આંખોએ પરમધામ, વૈકુંઠ કે મધુબન જેવા કોઈ અલગ જ દ્રશ્ય નિહાળતા હોય તેને જ પરમાત્માની યાદમાં ખોવાયેલા કહીશું.

ચોથી અવસ્થા છે પરમાત્મા મિલનની અનુભૂતિ. યોગ દ્વારા આપણે જે પણ અનુભવ કર્યા હોય તે અનુભવ વર્ષો સુધી આપણી સાથે રહે છે. મધુબનનો અનુભવ, પરમાત્મ અવતરણનો અનુભવ આપણે અનેક વાર યાદ કરીએ છીએ અને તે અનુભવ આપણે વર્ણન કરીને બીજાને પણ બતાવી શકીએ છીએ. આ અનુભવ બહુ મોટો અમૂલ્ય ખજાનો છે જે આપણે ભાગ્યશાળી બ્રાહ્મણ આત્માઓને જ પ્રાપ્ત થાય છે. પરમાત્માને શોધવા માટે ઋષિમુનિઓ ગુફાઓ કંદરાઓમાં ભૂખ્યા તરસ્યા ગરમી ઠંડી સહન કરતા રહ્યા, શાસ્ત્રવાદીઓ શાસ્ત્રોના એક-એક પાના પર તેમનું સરનામું શોધતા રહ્યા, વૈજ્ઞાનિકોએ પ્રયોગો દ્વારા પરમાત્માનું અસ્તિત્વ સિદ્ધ કરવામાં જ પોતાનું જીવન સમાપ્ત કરી દીધું, એ પરમાત્મા સાથે આપણે નિત્ય ખાઈએ, પીએ, ઉઠીએ, બેસીએ, જાગીએ સૂઈએ છીએ. આમ પરમાત્માના સાનિધ્યમાં દરેક કાર્ય કરવું તે જ કર્મયોગનો મુખ્ય આધાર છે. (ક્રમશઃ)

॥ ઓમશાંતિ ॥

- **જરા વિચારીને અનુભવ કરો કે... નિશ્ચયની નિશાની છે સહજ વિજય. જો વિજય નથી તો નિશ્ચયનો અભાવ છે. આપણે કલ્પ કલ્પના વિજયી છીએ. જેને નિશ્ચય હશે તે સહજ વિજયી બની શકે છે. નિશ્ચયનાં પેપર આવી શકે છે પરંતુ જેનો નિશ્ચય પરીક્ષાઓમાં ડોલતો નથી તે પરીક્ષાના સમયે પોતાના વિવેકને ગુમાવતા નથી. પરીક્ષાઓ જેને હિંમતહીન બનાવી શકતી નથી તેઓ જ અંતમાં વિજયીરત્ન જાહે થશે. હિંમતવાન બનો અને વિજયી બનો.**

પ્રસંગ પરિમલ

બોલવાવાળી ગુફા

એક વિશાળ જંગલ હતું. તે જંગલમાં ખરનખ નામનો એક સિંહ રહેતો હતો. તે સિંહ જંગલના જાનવરોને મારીને પોતાની ભૂખ સંતોષતો હતો. એકવાર એણે શિકાર કરવાનો બહુ પ્રયત્ન કર્યો પણ કોઈ શિકાર એની પાસે આવ્યો નહીં. તે ભૂખથી પરેશાન થઈ ગયો હતો. ધીરે ધીરે સૂર્યાસ્ત થવા લાગ્યો. સિંહ જે જગ્યાએ શિકાર કરવાનો પ્રયત્ન કરી રહ્યો હતો ત્યાં એક ગુફા પણ હતી. ખરનખ સિંહે ગુફામાં ચાલ્યો ગયો અને વિચારવા લાગ્યો કે આ ગુફામાં કોઈને કોઈ જાનવર હશે. સાંજે તે ગુફામાં જરૂર જશે. ગુફામાં પ્રવેશ કરીને મારો શિકાર શોધી લઈશ. જેથી મારી ભૂખ શાંત કરી શકીશ. જ્યાં સુધી જાનવર એ ગુફામાં આવે ત્યાં સુધી હું અહીં આરામ કરું છું. એ ગુફા એક શિયાળની હતી. એ શિયાળ પોતાની ગુફા પાસે આવી ગયું. જેવું તે ગુફામાં પ્રવેશવાનું હતું. તેણે જોયું કે ગુફાની પાસે સિંહના પંજાનાં નિશાન હતાં. જે ગુફાની અંદર જવાનાં હતાં, પરંતુ ગુફાની બહાર નીકળવાનાં નિશાન નહોતાં. દધિ પૂરછ શિયાળ સમજી ગયું કે ગુફામાં કોઈ સિંહ ગયો તો છે પણ પાછો આવ્યો છે તેની કઈ રીતે ખબર પડે.

શિયાળે ઉપાય વિચારી લીધો તે જોર જોરથી બોલવા લાગ્યું. 'મારી બોલનારી ગુફા આજે તું શાંત કેમ છે? તેં કહ્યું હતું કે હું પાછું આવું ત્યારે તું મારી સાથે વાત કરીશ. તું મારી સાથે વાત કેમ કરતી નથી. શિયાળે બોલ્યા પછી થોડો સમય વીતી ગયો પણ ગુફાએ કોઈ જવાબ આપ્યો નહીં. શિયાળે ગુફાની સામે ગુફાને સંબોધિત કરતાં કહ્યું ફરી એજ વાત કરી. જે થોડા સમય પહેલાં કરી હતી. શિયાળની વાત સાંભળીને સિંહને લાગ્યું કે ગુફા ખુદ બોલતી હશે. જ્યારે શિયાળ આવે છે તો તેની સાથે વાત કરે છે. પણ મારા ડરને કારણે ગુફા બોલતી નથી. જો આ ગુફા નહીં બોલી તો શિયાળને શંકા થશે અને તે ગમે ત્યાં ચાલ્યું જશે. હું ભૂખ્યો રહી જઈશ. એટલે હું બોલી દઉં છું કે, શિયાળ આવ, હું કેટલાય સમયથી તારી રાહ જોઉં છું. અંદર આવી જા. જેવો અંદરથી અવાજ આવ્યો કે શિયાળ સમજી ગયું કે અંદર કોઈ બેવકૂફ સિંહ છે. જે મારી ગુફામાં જવાની રાહ જોઈ રહ્યો છે. હું અંદર જઈશ તો મારો શિકાર કરી દેશે. ગુફાની અંદરથી આવતો અવાજ સાંભળીને શિયાળ ભાગી ગયું. સિંહની ગર્જના સાંભળીને આસપાસનાં જાનવરો પણ ત્યાંથી ચાલ્યાં ગયાં. ખરનખ નામનો સિંહ એ જાણતો હતો કે ગુફા બોલી શકતી નથી પણ પોતાની મૂર્ખતાથી જે શિયાળને ખાવા ઈચ્છતો હતો તે શિયાળ ભાગી ગયું. સિંહ ગુફાને છોડીને શિકારની શોધમાં નીકળી પડ્યો અને શિયાળને પોતાની ગુફા ફરી મળી ગઈ.

શીખ - સિંહ, શિયાળ અને બોલનારી ગુફાથી આપણને એ પ્રેરણા મળે છે કે પોતાની બુદ્ધિમાનીથી આવનાર સંકટને દૂર કરી શકીએ છીએ.

શત્રુનો શત્રુ મિત્ર હોય છે

એક બ્રાહ્મણ હતો. બહુ ગરીબ હતો. પૂજા પાઠ કરીને પોતાનું ઘર ચલાવતો હતો. એની પાસે પહેરવા માટે પણ સારાં વસ્ત્રો નહોતાં. એકવાર એક યજમાને બ્રાહ્મણની દરિદ્રતાને જોઈને એક યજમાને બ્રાહ્મણની દરિદ્રતાને જોઈને બે વાછરડાં આપ્યાં. બ્રાહ્મણ ખુશીથી વાછરડાંને પોતાની સાથે લઈ ગયો. બ્રાહ્મણ વાછરડાંનું બહુ ધ્યાન રાખતો

હતો. એને સમય પર ચારો-પાણી આપતો હતો. કેટલાક સમય પછી બન્ને વાછરડાં મોટાં થઈ ગયાં. જોતાં જ શરીરથી હૃષ્ટપુષ્ટ લાગતાં હતાં.

એક દિવસ એક ચોરની નજર એ વાછરડાં પર પડી. ચોરે વિચાર્યું આ વાછરડાંની હું ચોરી કરી લઉં. આ ઘણાં હુષ્ટ પુષ્ટ છે. ચોર પોતાના ગામથી ચોરી કરવા નીકળી પડ્યો. જ્યારે તે રસ્તામાં હતો ત્યારે એને એક ડરી જવાય તેવી વ્યક્તિ મળી. જે શરીરથી બળવાન દેખાતો હતો. એના મોટા મોટા દાંત બહાર નીકળેલા હતા અને વાળ બહુ વધેલા હતા. ચોર એને જોઈને ડરી ગયો અને ચોરે ડરતાં ડરતાં એમનો પરિચય પૂછ્યો. અને જાણવા ઈચ્છ્યું કે આટલે રાતે તે ક્યાં જઈ રહ્યો છે. ચોરે જણાવ્યું કે તે એક ચોર છે અને બ્રાહ્મણને ઘેર વાછરડાંની ચોરી કરવા જઈ રહ્યો છે. ચોરની વાત સાંભળીને રાક્ષસ બોલ્યો મને પણ સાથે લઈ લો. હું એ બ્રાહ્મણને ખાઈને મારું પેટ ભરીશ અને તું વાછરડાં ચોરી લેજે.

ડરને કારણે ચોર બ્રહ્મરાક્ષસને પોતાની સાથે લઈ ગયો. બન્ને બ્રાહ્મણના ઘરની પાસે છુપાઈ ગયા. હવે રાક્ષસ બ્રાહ્મણને ખાવા માટે ચાલ્યો. એને જતાં રોકીને ચોરે કહ્યું, આ પ્રકારે જલ્દબાજી કરશો તો બ્રાહ્મણ જાગી જશે. હું વાછરડાં ચોરી લઉં ત્યારે તમે જઈને બ્રાહ્મણને ખાઈ જજો.

બન્ને એકબીજાની વાત માનવા તૈયાર નહોતા. એ રીતે બન્ને વચ્ચે તૂં તૂં, મૈં મૈં નો ઝઘડો થવા લાગ્યો. બન્નેના ઝઘડાનો અવાજ સાંભળીને બ્રાહ્મણ સમજી ગયો. બ્રાહ્મણ પોતાની પાસેથી લાકડી ઉઠાવીને બન્નેને મારવા લાગ્યો. લાકડી ખાઈને ચોર અને બ્રહ્મરાક્ષસ ત્યાંથી ભાગી ગયા.

શીખ - આ વાર્તાથી આપણને એ ઉપદેશ મળે છે કે બે શત્રુઓની લડાઈથી ત્રીજાને ફાયદો થાય છે.

દેવળના ઘંટના અપ્રતિમ સૌંદર્ય રહસ્ય

એક રાજાએ રાજ્યના એક પ્રસિધ્ધ કારીગરને બોલાવીને દેવળ માટે એક ઘંટ બનાવવાનો હુકમ કર્યો. ઘંટ તૈયાર થયો ત્યારે આખું રાજ્ય તેનાં વખાણ કરવા લાગ્યું. ઘંટ અદ્ભુત છે, દિવ્ય છે, ખૂબ સુંદર છે. તેનો અવાજ કર્ણ મધુર છે. રાજાએ પણ કારીગરને દરબારમાં બોલાવી, તેનું બહુમાન કરી ઈનામ આપ્યું. પછી પૂછ્યું, ‘આવો ભવ્ય ઘંટ તે બનાવ્યો શી રીતે?

ત્યારે કારીગરે કહ્યું, હું કોઈની પાસે ઘંટ બનાવવાનું શીખ્યો નથી. પણ ઘંટ બનાવતાં પહેલાં મેં ત્રણ દિવસ ઉપવાસ કર્યાં. ત્યારે મેં ધ્યાન કર્યું. તેનાથી ચિત્ત શુધ્ધિ થઈ. દ્રવ્ય કે માન મેળવવાની ઈચ્છા જ ચાલી ગઈ. ચોથે દિવસે ફરી ધ્યાનમાં બેઠો ત્યારે ‘ઘંટ હું બનાવીશ એવી ભાવના નષ્ટ થઈ ગઈ. પાંચમે દિવસે વખાણ અને વગોવણી વચ્ચે કોઈ ભેદ જ ન રહ્યો. છઠ્ઠા દિવસે કળા કે કારીગરીના બધા પ્રશ્નો સમાપ્ત થઈ ગયા.

સાતમા દિવસે મને એટલું બધું શાંત થઈ ગયું કે એ નિર્વિચાર બની ગયું. આ દેહનું પણ ભાન ન રહ્યું. એવી સ્થિતિમાં હું જંગલમાં ફર્યો. એક ઉત્તમ વૃક્ષ શોધીને એની સામે કેટલીયે વાર બેસી રહ્યો. તેની સાથે તાદામ્યનો ભાવ અનુભવ્યો. ત્યારે એને કાપ્યું. ત્યારે પછી મેં તેમાં મારી પૂરી શક્તિ રેડી અને મન વિચારો એમાં જ પરોવી દઈને ઘંટ બનાવવાનું શરૂ કર્યું. ત્યારે મને બીજા કશાયનું ભાન રહ્યું નહીં. છેવટે ઘંટ તૈયાર થયો. જેને બધા સુંદર - અપ્રતિમ કહીને વખાણે છે.

મને તો લાગે છે કે કોઈ આપણી અંદરથી પ્રેરણા આપીને આ કાર્ય કરાવે છે. **- ઝેનકથા**

॥ ઓમશાંતિ ॥

બ્રહ્માકુમારીઝના મહાસચિવ

રાજયોગી વૃજમોહનભાઈનું અવ્યક્ત આરોહણ

આપે દિલ્હી માનેસરની હોસ્પિટલમાં • તા.09-10-2025ના સવારે 10.25 કલાકે અંતિમ શ્વાસ લીધો. આપ 22 વર્ષની ઉંમરમાં 1956માં પહેલીવાર બ્રહ્માકુમારીઝસંસ્થાના સંપર્કમાં આવ્યા. 1973થી પૂર્ણરૂપથી સમર્પિત થઈને સેવાઓ આપવા લાગ્યા. 12, ઓક્ટોબરના દિવસે આબુરોડ મુક્તિધામમાં આપના અંતિમ સંસ્કાર થયા. તેઓ છેલ્લા એક વર્ષથી બીમાર હતા. પહેલાં એમનો ઈલાજ માઉન્ટ આબુ સ્થિત ગ્લોબલ હોસ્પિટલ તથા અમદાવાદમાં ચાલી રહ્યો હતો. એમના પાર્થિવ દેહને 9 અને 10 ઓક્ટોબર ગુરુગ્રામ સ્થિત ઓમશાંતિ રિટ્રીટ સેન્ટરમાં એમના દેહને દર્શનાર્થે રાખવામાં આવ્યો હતો. તેઓ છેલ્લા એક વર્ષથી બીમાર હતા. એક વર્ષ પહેલાં રાજયોગી નિર્વેરભાઈના નિધન બાદ આપને મહાસચિવ નિષ્ટાંક કરવામાં આવ્યા હતા. એ પહેલાં આપ અધિક મહાસચિવ નુયુક્ત હતા. છેલ્લે આપ સંસ્થાના મુખ્ય પ્રવક્તા, રાજનૈતિક સેવા પ્રભાગના રાષ્ટ્રીય અધ્યક્ષ પણ હતા.

7, જાન્યુઆરી 1934માં પંજાબના અમૃતસરમાં જન્મેલા રાજયોગી વૃજમોહનભાઈએ દિલ્હી વિશ્વવિદ્યાલમાં વર્ષ 1953માં વાણિજ્ય (ઓનર્સ)માં સ્નાતકની પદવી મેળવી ત્યાંથી જ વર્ષ 1955માં કાનૂન (એલ.એલ.બી.)ની ડીગ્રી મળી. વર્ષ 1956થી આપને ચાર્ટર્ડ એકાઉન્ટના રૂપમાં માન્યતા મેળવી. રાજયોગ શિક્ષા અને અનુસંધાન ફાઉન્ડેશનના આપ મહાસચિવ હતા. બ્રહ્માકુમારીની રાષ્ટ્રીય મધ્યસ્થ સમિતિના આપ સદસ્ય હતા. સાથે એકાઉન્ટ વિભાગમાં પણ આપ મુખ્ય હતા. આપ એક કુશળ આધ્યાત્મિક વક્તા અને ગીતાજ્ઞાનના વિશેષજ્ઞ હતા.

રાજયોગી વૃજમોહનભાઈને બાળપણથી જ આધ્યાત્મિકતામાં રુચિ હતી. એમણે પોતાના જીવનમાં અનેક ધર્મગ્રંથોનું અધ્યયન કર્યું. 22 વર્ષની ઉંમરમાં વર્ષ 1955માં બ્રહ્માકુમારીઝના સંપર્કમાં આવ્યા પછી આપના જીવનની દિશા બદલાઈ ગઈ. રાજયોગ મેડીટેશન શીખ્યા બાદ આપે બ્રહ્મચર્યવ્રત લેતાં વિશ્વ સેવાનો સંકલ્પ કર્યો. કેટલોક સમય આપ સંસ્થા સાથે રહીને જોબ કરતા હતા. ભારત સરકારના ફર્ટિલાઈઝર કોર્પોરેશન ઓફ ઈન્ડિયામાં 17 વર્ષ સુધી આપ વર્ષ 1973માં વિત્ત પ્રબંધકના પદેથી રાજીનામું આપીને સંસ્થા સાથે પૂર્ણ રૂપે જોડાઈ ગયા.

વિશ્વભરમાં અનેક સંમેલનોમાં ભાગ લીધો

આપે સંસ્થા દ્વારા વિશ્વભરમાં આયોજિત થતાં મુખ્ય વક્તાના રૂપમાં જનજનને આધ્યાત્મિક

જ્ઞાન આપ્યું. સંયુક્ત રાષ્ટ્ર ન્યૂયોર્કમાં આયોજિત સંમેલનોમાં બ્રહ્માકુમારીઝ તરફથી પ્રતિનિધિત્વ કર્યું. સાથે જ રશિયા, અમેરિકા, કેનેડા, દક્ષિણ અમેરિકા, યુરોપ, એશિયા - ન્યૂઝીલેન્ડ, કેન્યા, દક્ષિણ પૂર્વ એશિયા અને કેરેબિયન દેશોમાં પ્રવાસ કરીને લોકોને આધ્યાત્મિકતા અને ભારતીય સંસ્કૃતિનો પરિચય આપ્યો. રાજયોગી સંસ્કૃતિનો પરિચય આપ્યો.

રાજયોગી વૃજમોહનભાઈની સાથે અનેક વર્ષો સુધી સેવાઓ આપી આપ સંસ્થાનના આધારસ્તંભ સદસ્યોમાંથી એક હતા. આપ એક કુશળ વક્તા, લેખક 'પ્યુરિટી' અંગ્રેજી પત્રિકાના સંપાદક હતા. આપની ખોટ કદી પૂરી શકાય તેમ નથી. **- રાજયોગિની બી.કે. મોહિનીદીદી મુખ્ય પ્રશાસિકા**

વૃજમોહનભાઈ વિશે લખે છે કે એમણે સમગ્ર જીવન સમાજકલ્યાણ માટે ખર્ચી દીધું. આપે આપની બુદ્ધિમત્તા કુશળ માર્દગર્શનથી સંસ્થાને ઘણી ઉંચાઈએ લઈ ગયા. આપના માર્ગદર્શનમાં એકાઉન્ટ વિભાગનું કુશળ સંચાલન થઈ રહ્યું હતુ. **- રાજયોગિની બી.કે. જયંતીદીદી અધિક મુખ્ય પ્રશાસિકા**

॥ ઓમશાંતિ ॥

- **જો કામ સંતોષકારક રીતે પૂરું થાય તો મહેનતનો થાક યાદ આવતો નથી.**
- **સદા ખુશીમાં રહેવું છે તો મનમનાભવની સ્થિતિમાં રહો.**
- **શ્રેષ્ઠ આશાઓના દીપક પ્રગટાવનાર જ સાચા કુળદીપક છે.**
- **એક વૃક્ષ જેવા બનો, જે સખત ગરમીનો અનુભવ કર્યા પછી પણ દરેકને છાંયો આપે છે.**

આપનાર માત્ર એક જ છે

બ્ર.કુ. અનુજભાઈ, નવી દિલ્હી

આપણે જ્યારે કોઈ આઉટ સ્ટેશન પર જઈએ છીએ, કોઈ સ્થાન પર જઈએ છીએ, કોઈને મળવા જઈએ છીએ, યા કોઈ પાર્ક (બગીચા)માં જઈએ છીએ, કોઈ બીચ પર જઈએ છીએ તો આપણને સારું લાગે છે. આપને એ ખબર હોવી જોઈએ કે ત્યાં આપે પોતાની ઉર્જા આપી તો તેણે આપને સારું ફીલ કરાવ્યું. આપણે કંઈક આપ્યું તો ત્યાંથી મળ્યું. એ રીતે આપણે જ્યારે ક્યાંક જઈએ છીએ તો પોતાની આંખોથી કંઈક જોઈએ છીએ પોતાની આંખોથી પોતાની ઊર્જા આપીએ છીએ એનો મતલબ એ થયો કે આપણે સૌ પ્રકૃતિથી સારું ફીલ કરતા નથી. આપણે ત્યાં કંઈક આપવું પડે છે.

એટલે દરરોજ આટલું બહાર જવા છતાં, ફરવા છતાં આપણે સંતુષ્ટ થતા નથી. કારણકે સંતુષ્ટતા તો ત્યારે મળે જ્યારે આપણે ત્યાં જઈને ખુશ થઈ જઈએ. પરમાત્મા એક એવા સહારા છે જે આપણા માટે જમા કરવાનું કાર્ય કરે છે. આત્મા શરીર સાથે જોડાયેલો છે અને શરીર પ્રકૃતિમાંથી બનેલું છે.

તો આપણું પહેલું જ્ઞાન એ છે આત્મા, શરીરથી અલગ એક શક્તિ છે. આત્મામાં શક્તિ ક્યાંથી આવે છે? માત્ર એક પરમાત્મા જ છે જે આપણને દરેક પળે આપવાનું કાર્ય કરે છે. બાકીના સૌ લોકો આપણી પાસેથી લેવાનું કાર્ય કરે છે. તો પરમાત્મા કહે છે આપણે જ્ઞાન-યોગ આટલા સમયથી કરીએ છીએ પણ આપણી ઉર્જા કેમ નષ્ટ થઈ રહી છે. કારણકે આપણે પ્રકૃતિ સાથે જોડાયેલી ચીજો છીએ, એમની સાથે આપણી એનર્જી ચાલી જાય છે. પછી તે દેહમાં જાય, દેહના

(અનુસંધાન પેજ નં. 18 પર)

વર્ષ 2026 જ્ઞાનામૃતના સભ્યો માટે વિશેષ સૂચના

બ્ર.કુ. નંદિનીબેન, સુખશાંતિ ભવન, અમદાવાદ.

બ્રહ્માકુમારીઝ સેવાકેન્દ્રોના નિમિત ઈન્ચાર્જ બહેનો, સેવાસાથી બહેનો, બ્રહ્માકુમાર ભાઈઓ-બહેનો તથા સૌ પ્યારાં સ્નેહી વાચકમિત્રો,

આપ કુશળ મંગળ હશો તેવી શુભ આશા છે. જાન્યુઆરી 2026થી ગુજરાતી જ્ઞાનામૃતનું નવું વર્ષ શરૂ થશે.

આપને વિનંતી કે, નવા વર્ષ 2026 માટે આપના સેવાકેન્દ્રોની જ્ઞાનામૃત મેગેઝીનની કુલ સંખ્યા જેમ બને તેમ જલ્દીથી

તારીખ 30, નવેમ્બર 2025 પહેલા
જ્ઞાનામૃત કાર્યાલય - સુખશાંતિ ભવન,
બ્ર.કુ. નંદિનીબેનને જ્ઞાનામૃતના
Email - gyanamrit.guj@gmail.com
અથવા
વ્હોટસએપ નંબર +91 94267 08448

દ્વારા ખાસ લેખિતમાં જાણ કરશોજી. જ્ઞાનામૃતનું લવાજમ યથાવત જ રાખેલ છે. જાન્યુઆરી 2026નો અંક ખૂબ એડવાન્સમાં તૈયાર કરી પ્રિન્ટીંગ માટે પ્રેસમાં ડિસેમ્બર 2025માં આપવાનો હોય છે. આપ સૌની અથાક મહેનત, પરિશ્રમ અને સહકારથી જ્ઞાનામૃતના અંકોની સંખ્યા અમને 30 નવેમ્બર સુધીમાં એડવાન્સમાં મળી જશે તેવી આશા છે.

આપ નિમિત બહેનોને વિનંતી, આપના ક્લાસના સૌ ભાઈ-બહેનોમાં ખૂબ ઉમંગ-ઉત્સાહ ભરી બાબાનો સંદેશ આપવા બીજા નવા સભ્યો બનાવવાનું જરૂર લક્ષ્ય રાખી અન્યને પણ લક્ષ્ય અપાવશો. સેવાકેન્દ્ર તથા ગીતાપાઠશાળાના એક-એક બી.કે. પરિવારના ઘરે બાબાનું ગુજરાતી જ્ઞાનામૃત મેગેઝીન અવશ્ય હોવું જ જોઈએ. તેવા હેતુથી જૂના મેમ્બરોને પણ ચાલુ રાખી, બીજા નવા સભ્યો પણ બનાવશો. જ્ઞાનદાન કરી ભાગ્ય બનાવવાનો આ સુંદર તકને ઝડપી લેશોજી. દરેક બાબાના બાળકો પોતે જરૂર સભ્ય બનીને અંક વાંચીને તે અંક બીજાને વાંચવા આપીને દર મહીને જુદા-જુદા લોકોની સેવા કરવાનો અવસર લો, તેમ પ્રેરણા જરૂર આપશો. સૌ વાચકમિત્રોને પણ સાદર વિનંતી કે, તમે પણ બીજા નવા સભ્યો જરૂર બનાવશો.

જ્ઞાનામૃત સંપાદન, ડિઝાઈનીંગ, પ્રિન્ટીંગનું કામ ખૂબ નિયમિત રીતે ચાલે છે. મેગેઝીન પહોચાડવા માટે ટ્રાન્સપોર્ટ અને ટપાલ ખાતાની નિયમિત સેવાઓ પણ મળે છે. જેથી આપને રેગ્યુલર જ્ઞાનામૃત મોકલી રહ્યાં છીએ. આપને સમયસર, સારી સ્થિતિમાં અંકો મળી જતાં જ હશે તેવી જ્ઞાનામૃત ટીમને આશા છે. છતાં પણ જ્ઞાનામૃત બાબતે કોઈ પણ તકલીફ હોય, કોઈ સૂચન કે કોઈ વાત ધ્યાન પર લાવવા જેવી લાગે તો તમે નિઃસંકોચ સીધો સંપર્ક કરશો. મેગેઝીનના અંકો આપની અનુકુળતા પ્રમાણે સેવાકેન્દ્ર ઉપર અથવા જે તે સભ્યોને સીધા તેમના ઘરે ટપાલથી મોકલી શકાય તેવું પણ આયોજન છે.

આપ સૌને જણાવવાનું કે જ્ઞાનામૃત ઈ-કોપી બી.કે. મેગેઝીનની વેબસાઈટ, જીઓ એપ્લીકેશન ઉપર પણ ઉપલબ્ધ છે.

આભાર માટે : સમગ્ર વર્ષ દરમિયાન આપ સર્વ નિમિત ટીચર્સ બહેનો, સર્વ નાની મોટી સાથી બહેનો, જ્ઞાનામૃતના સૌ વર્તમાનના સભ્યો,

જ્ઞાનામૃત માટે દરેક સેવાકેન્દ્ર પર નવા સભ્યો બનાવવા, યાદી તૈયાર કરવી, ટ્રાન્સપોર્ટમાંથી લાવવા તેને ક્લાસમાં, ગીતા પાઠશાળામાં, શહેર-ગામમાં બીજા નોન બી.કે. સભ્યોને આપવા જવાની સેવા પૂરી પાડનાર, સમ્રગ વર્ષ દરમિયાન લેખ-અનુભવ લખી નિયમિત મોકલવા, સેવાકેન્દ્રો દ્વારા થતી દરેક સેવાના ફોટા પાડવા અને સમાચાર સાથે સમયસર મોકલવા જેવી ઘણી સેવાઓમાં આપ સૌ કોઈનો દરેક કાર્યમાં ખૂબ-ખૂબ સાથ, સહકાર અને સપોર્ટ જ્ઞાનામૃતને મળતો આવ્યો છે. તે બદલ સંપાદક અને સમગ્ર જ્ઞાનામૃત ટીમ આપનો અંતકરણ પૂર્વક આભાર માને છે. અમે આપના ઋણી છે. છેલ્લા 54 વર્ષથી બાબાની આ સેવાઓ અવિરત ચાલી રહી છે, અને ભવિષ્યમાં પણ આપણે સૌ સાથે મળીને જ્ઞાનામૃતની સેવાઓને આગળ વધારી, ચાલુ રાખી, વધુ અને વધુ સેવાઓને આગળ ધપાવતા રહીએ, તેવી આભ્યર્થના સાથે જ્ઞાનામૃત ટીમ આપ સૌ નામી-અનામીનો અંતકરણ પૂર્વક દિલથી ખૂબ-ખૂબ આભાર માને છે.

તો સમયસર આપની નવા વર્ષની સંખ્યા અમને મળી જશે તેવી શુભ આશા અને પૂર્ણ વિશ્વાસ છે. આભાર સહ.

॥ ઓમશાંતિ ॥

- **વિશ્વ મહાન પુરુષને શોધે છે. મહાન પુરુષ વિશ્વને નહીં.**
- **એક નાનું કાણું હોડીને ડૂબાડી દે છે તેવી જ રીતે દુષ્ટની દુષ્ટતા વ્યક્તિને બરબાદ કરે છે.**

છોડીને તો જો?

બ્ર. કુ. જૂનાગઢ

અભિમાન છોડીને જો આત્મ,
સ્વમાનની દુનિયા રાહ જોવે છે,
શરીરની શાન છોડીને જો આત્મ,
પાવન દુનિયા રાહ જોવે છે
ઇન્દ્રિય સુખ છોડીને જો આત્મ,
અતિન્દ્રિય સુખ રાહ જોવે છે,
દુ:ખની દુનિયાથી છોડીને જો આત્મ,
સુખની દુનિયા રાહ જોવે છે,
નશ્વર દુનિયા છોડીને જો આત્મ,
અમર દુનિયા રાહ જોવે છે,
અપવિત્રતાને છોડીને જો આત્મ,
પ્રવિત્રતાની દુનિયા રાહ જોવે છે,
નિરાશા-નિશાશા છોડીને જો આત્મ,
આશાની દુનિયા રાહ જોવે છે,
પરતંત્રતાનો પાલવ છોડીને જો આત્મ,
સ્વતંત્રતાની દુનિયા રાહ જોવે છે,
વિડમ્બનાનાં વળાંક છોડીને જો આત્મ,
સહજ સરળ દુનિયા રાહ જોવે છે,
કલયુગી આહાર વિહાર છોડીને જો આત્મ,
રસથાળની દુનિયા રાહ જોવે છે,
પુરાણું તન-મન-ધન છોડીને જો આત્મ,
સોનાની દુનિયા રાહ જોવે છે,
કલયુગી સંસ્કાર છોડીને જો આત્મ,
સતયુગી સંસ્કાર રાહ જોવે છે.

॥ ઓમશાંતિ ॥

Published and Printed by BK Bhartiben R. Somiya for Prajapita Brahmakumaries Ishwariya Vishwa Vidyalaya, Ahmedabad. Printed at Gujarat Offset Private Ltd. 'Offset House', Opp. Jain Ashram, Station Road, Vatva, Ahmedabad – 382 440. Published from Prajapita Brahmakumaries Ishwariya Vishwa Vidyalaya, Sukh Shanti Bhavan, Bhulabhai Park Road, Kankaria, Ahmedabad - 380 022, Gujarat State, India. Edited by Prof. Dr. Kalidas Dhulabhai Prajapati

સંગમયુગની શબ્દાવલી

દૈવી ભાઈઓ અને બહેનો,

સંગમયુગની શબ્દાવલી ભાગ – ૬૦ અહીં પ્રસ્તુત છે. જેની આડી–ઉભી ચાવીઓ ભરશો. જ્ઞાનના ચિંતનના આધારે આપના જવાબોને સાચા જવાબો સાથે સરખાવી શકશો. આપને આવતાં અંકમાં ભાગ – ૬૦ના જવાબો મળશે. આ સાથે નીચે ભાગ – ૫૯ના જવાબો આપેલ છે.

સંગમયુગની શબ્દાવલી ભાગ - ૬૦

1	2	3	4			5	6		7
8						9			
		10						11	
	12				13				
			14	15				16	17
18		19				20			
				21	22			23	
24			25			26			
		27						28	29
30					31				

શબ્દાવલી ભાગ - ૫૯ના જવાબોવાળું કોષ્ટક

1 ઓ	કટો	2 બ	3 ર		4 ત્રિ	5 કા	6 લ	દ	ર્શી
મ્		7 ચ	મ	8 ક		9 લ	ક્ષ્મી		
કા		10 પ	ત	ન			પૂ		11 મ
12 રે	ઈ	ન		13 ર	14 જ	15 ત	જ	યં	તિ
શ્ચ				16 સ	ના	ત	ન		
17 ર	ક્ત	18 દા	19 ન		અ			20 દે	
		21 તા	વ			22 સ	રો	વ	ર
23 દ			24 યુ	નિ	25 ટી			દી	
26 શે	ષ	27 ના	ગ		ચ		28 ન	વા	બ
રા		વ		29 તે	ર	સ		ળી	

આડી ચાવીઓ

૧. કારતક માસ પૂર્ણિમા (૫)
૫. એક રાશિ (૨)
૮. આશીર્વાદ (૪)
૯. 'ખલ' શબ્દને ઉલ્ટો લખો (૨)
૧૦. મોકલવું (૩)
૧૧. તારીખ ..... અને વાર (૨)
૧૩. કવિના રાજા (૪)
૧૪. એક તૂર્કિ મિઠાઇ (૪)
૧૬. રૂઢિ (૨)
૧૮. માશુક ઔર (૩)
૨૦. અસલીયત (૪)
૨૧. આદત (૨)
૨૩. વાટકા, ચમચી (૨)
૨૪. ૧૭ નવેમ્બર ..... દાદીનો સ્મૃતિદિવસ (૮)
૨૭. પુરી દુનિયા (૨)
૨૮. બગીચો (૨)
૩૦. સહાયતા (૩)
૩૧. પૈસાદાર, ધનિક, ધનવાન (૫)

ઊભી ચાવીઓ

૧. દેવી (૩)
૨. આર્શીવાદ (૨)
૩. સાક્ષાત્કાર (૩)
૪. દેવ ઉઠી એકાદશી (૬)
૫. ..... કરે દુનિયા (૨)
૬. મહેમાન (૩)
૧૧. બાબા મુરલીમાં એક કથાને યાદ કરે (૫)
૧૨. યજ્ઞના એક આદિરત્ન (૫)
૧૫. હાથમાં કમળ (૫)
૧૭. પતંગીયું (૩)
૧૯. સરદાર વલ્લભભાઈ પટેલનું વતન (૫)
૨૨. 'અવિરત' શબ્દને ઉલ્ટો લખો (૪)
૨૪. અનાર (૩)
૨૫. આઠમ પછી (૨)
૨૬. ગોડ, પ્રભુ, ભગવાન (૩)
૨૮. પિતા (૨)
૨૯. સ્પીડ (૨)

ગોધરામાં 'નશામુક્તિ જાગૃતિ'માં સંદેશ આપતાં નશાબંધી અને આબકારી વિભાગ દ્વારા કલાકાર ભ્રાતા પ્રવિણભાઈ ગઢવી સાથે બ્ર.કુ. સુરેખાબેન, બ્ર.કુ. કનુભાઈ, બ્ર.કુ. જયદિપભાઈ, બ્ર.કુ. શૈલેશભાઈ.

કામરેજમાં 'નશામુક્ત યુવા' કાર્યક્રમમાં બ્ર.કુ. જૈમીનાબેન, બ્ર.કુ. રીમાબેન, બિલ્ડર ભ્રાતા કનુભાઈ, આચાર્ય ભ્રાતા સંજયભાઈ અને પીનલબેન, આર્કિટેક ભ્રાતા પ્રણવભાઈ અને રવિભાઈ.

રાજકોટ જાગનાથમાં મેયર બંગલે આયોજીત 'રાસોત્સવ'માં MLA ડૉ. દર્શિતાબેન, અધ્યક્ષ મહિલા મોરચા કિરણબેન, DCP હેતલબેન, MLA રામભાઈ, મહાનગર અધ્યક્ષ માધવભાઈ, બ્ર. કુ. ભગવતીબેન.

રાજકોટ મેહુલનગરમાં આયોજીત 'પવિત્ર જીવન યાત્રા મહોત્સવ'માં સન્માનીત બ્રહ્માકુમાર ભાઈઓ, બહેનો સાથે બ્ર.કુ. શૈલાબેન અને બ્ર.કુ. ચેતનાબેન.

સુરત બાલાજી ખાતે આયોજીત 'રક્તદાન કેમ્પ'માં પધારેલ રોટરી ક્લબ ઑફ બ્લોઝમના પ્રમુખ ભગિની પીનાબેન, બ્ર.કુ. ફાગ્લુનીબેન તથા અન્ય અતિથિગણ.

સાવરકુંડલામાં આયોજીત 'રક્તદાન કેમ્પ'માં MLA મહેશભાઈ કસવાલા, પ્રમુખ લોહાણા વાડી ભ્રાતા મેહુલભાઈ, બ્ર.કુ. દક્ષાબેન, બ્ર.કુ. રાધિકાબેન તથા અન્ય મહાનુભાવો.

નવસારી સેવાકેન્દ્ર ખાતે 'નવરાત્રી મહોત્સવ'માં આયોજીત ચૈતન્ય દેવીઓની ઝાંખીનું મનોરમ્ય દશ્ય.

પોરબંદરમાં 'નવરાત્રી મહોત્સવ' કાર્યક્રમમાં જીલ્લા BJP પ્રમુખ ડૉ. ચેતનાબેન, VP સૌરાષ્ટ્ર કેમિકલ લી. ભ્રાતા ડી.જે.અદ્રોજા, GM ભ્રાતા વી.જે.પટોરિયા, બ્ર.કુ. ગીતાબેન સાથે અન્ય.

Gyan Amrit Vol.18 | Issue 11 | November 2025 | Retail Price - 15/- | RNI No. of RNP is GUJGUJ/2007/21842. Published on 1st of every month. Registered under Postal Registration No. AHD-C/21/2023-2025 Vaild up to 31st December-2025 Issued by the SSPO's Ahmedabad City Division, LPWP Licence No. PMG/NG/109/2023-2025 valid up to 31st December 2025, permitted to post at Ahmedabad PSO on 4th of every month.

રાજકોટમાં પધારેલ ભારતના રાષ્ટ્રપતિ મહામહિમ શ્રીમતી દ્રોપદી મુર્મુનું સ્વાગત કરતાં રાજયોગિની ભારતીદીદી તથા બ્ર.કુ. અંજુબેન.

ઉદવાડા સેવાકેન્દ્રમાં પધારેલ ગુજરાત સરકારના નાણાંમંત્રી ભ્રાતા કનુભાઈ દેસાઈને ઈશ્વરીય સોગાત આપતાં બ્ર.કુ. પારૂલબેન તથા બ્ર.કુ. મીનાબેન સાથે વાપી ઈન્ડસ્ટ્રીઝ એસોશીએશનના પ્રમુખ ભ્રાતા સતીષભાઈ.

ઈન્દ્રપ્રસ્થ GGRC ખાતે આયોજીત 'યોગ સંસ્કૃતમ યુનિવસીર્ટી' ફ્લોરીડા દ્વારા આયોજીત આંતરરાષ્ટ્રીય સેમીનાર તથા પદવીદાન સમારોહમાં બ્ર.કુ. નેહાબેનને Ph.D.ની માનદ ઉપાધિ આપતાં કુલપતિ વાંક-યોગી ડૉ. બી.વી.કે. શાસ્ત્રી બાજુમાં થાઈલેન્ડના માનવ સંશાધન વિકાસના પ્રમુખ પ્રો. ડૉ. લીટ્ટીકોન વટાના.

રાજકોટ હેપી વિલેજ ખાતે 'રાજઋષી ગોકુલ ગ્રામ યોજના'ના શુભારંભમાં જીલ્લા પંચાયતના પ્રમુખ ભગિની પ્રવિણાબેન રંગાણી, રાષ્ટ્રીય કામધેનુ આયોગના પૂર્વ અધ્યક્ષ ડૉ. વલ્લભભાઈ કથીરિયા, RK યુનિવસીર્ટીના ડાયરેક્ટર ડેનીસભાઈ પટેલ, રિયાલન્સ ફાઉન્ડેશનના લીસાબેન, બ્ર.કુ. ચંદ્રેશભાઈ, ડૉ. પ્રદીપભાઈ વડોદરીયા, જાહોતાના સરપંચ શ્યામભાઈ રાઠોડ.

ભાવનગરમાં મહેસાણા, ભાવનગર, વલસાડ-સુરત સબઝોનના ટીચર્સ બહેનોના સંમેલનમાં દિલ્હી પાંડવભવનના બ્ર.કુ. પુષ્પાબેન, બ્ર.કુ. સરલાબેન, બ્ર.કુ. તૃપ્તિબેન, બ્ર.કુ. રંજનબેન, માઈક્રોસાઈન કંપનીના CEO ભ્રાતા નિશીથભાઈ, શ્રીજી બેકર્સના ઑનર ભ્રાતા કુલદિપસિંહ, ઉદ્યોગપતિ ભ્રાતા રામિલભાઈ પટેલ.

રાલીસણા વિસનગર ખાતે મહેસાણા સબઝોનની માતાઓ, કુમાર અને કુમારીઓ માટે 'પવિત્ર જીવનયાત્રા મહોત્સવ' કાર્યક્રમમાં બ્ર.કુ. શીલુબેન, બ્ર.કુ. સરલાબેન, બ્ર.કુ. તૃપ્તિબેન, બ્ર.કુ. રક્ષાબેન, APMCના ચેરમેન ભ્રાતા પ્રિતેશભાઈ પટેલ, હનુમાન મંદિરના મહંત શ્રી રાજારામગીરીજી.

If Undelivered Please Return to Publishing Place :
BRAHMA KUMARIS, 'Sukh Shanti Bhawan', Opp. Municipal School-6, Bhulabhai Park Road, Kankaria, Ahmedabad-380022. (Gujarat) INDIA

Publisher : Bharti Ranchhoddas Somaiya
Phone : 079- 25324460,
Email : gyanamrit.guj@gmail.com